**આજનો સુવિચાર**

પ્રમાણિકતાની કસોટી મુશ્કેલીમાં, સરળતાની કસોટી સંપત્તિ આવે ત્યારે, અને નમ્રતાની કસોટી સત્તા મળે ત્યારે થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૧૧ જૂનાગઢ તા. ૮-૧૨-૨૦૨૨ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

# ગુજરાતમાં ભાજપની ઐતિહાસીક પ્રચંડ જીત : કોંગ્રેસ - આપનાં સૂપડા સાફ

## ભાજપે તેના ઈતિહાસમાં સૌપ્રથમવાર ૧૫૪ બેઠક સાથે અભૂતપૂર્વ સફળતા મેળવી : કોંગ્રેસને માત્ર ૧૮ બેઠકો, આમ આદમી પાર્ટીએ ૬ બેઠકો સાથે ખાતુ ખોલાવ્યું : અન્યને ફાળે ૩ બેઠકો

ગાંધીનગર તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પરીણામો બાબતે જે અભૂતપૂર્વ ઉત્તેજના પ્રવર્તી રહી હતી તેનો અંત આવી ગયો છે.

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકમાંથી ભાજપે ૧૫૪ બેઠક મેળવીનો નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. અગાઉ ભૂતકાળમાં માધવસિંહ સોલંકીનાં શાસન વખતે કોંગ્રેસે ૧૪૯ બેઠક મેળવીનો રેકોર્ડ સ્થાપિત કર્યો હતો પરંતુ આ વખતે ભાજપે કોંગ્રેસનાં ૧૪૯ બેઠકનાં રેકોર્ડને તોડી નાખ્યો છે અને ૧૫૪ બેઠકો સાથે અભૂતપૂર્વ જીત મેળવીને નવો રેકોર્ડ કર્યો છે. બપોરનાં ૧.૦૦ કલાકનાં ટ્રેન્ડ મુજબ કુલ ૧૮૨ બેઠકોમાંથી ભાજપ ૧૫૪, કોંગ્રેસ-૧૯, આમ આદમી પાર્ટીને-૬ અને અન્યનાં ખાતામાં ૩ બેઠકો જઈ રહી છે. ગુજરાતમાં ભાજપને મળેલી અભૂતપૂર્વ સફળતાને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને ફોન કરીને શુભેચ્છા પાઠવવાની સાથે અભિનંદન આપ્યા છે. ગુજરાતમાં ભાજપને ગત ૨૦૧૭ની ચૂંટણી કરતા ૫૪ બેઠકનો ફાયદો થયો છે. જયારે કોંગ્રેસને ૫૮ બેઠકોનું નુકશાન થયું છે.

ગુજરાતનાં પરીણામોએ ફરી એકવાર સાબીત કર્યુ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ અને તેમના વિકાસનાં એજન્ડા ઉપર વિશ્વાસ મુકીને લોકોએ રીતસર મતોનો વરસાદ વરસાવી દીધો છે.

ઝોનવાઈઝ પરીણામ જોઈએ તો સૌરાષ્ટ્ર - કચ્છ વિસ્તારની ૫૪ બેઠકોમાંથી ભાજપને ૪૦, કોંગ્રેસને ૦૯ અને આમ આદમી પાર્ટીને ચાર બેઠક મળી રહી છે. જયારે દક્ષિણ ગુજરાતની કુલ ૩૫ બેઠકમાંથી ભાજપ-૨૯, કોંગ્રેસ-૩, આમ આદમી પાર્ટીને ૩ બેઠક મળી રહી છે. ઉત્તર ગુજરાતની ૩૨ બેઠકમાંથી ભાજપને ૨૨, કોંગ્રેસ-૮ અને આપને શૂન્ય અને અન્યને ફાળે બે બેઠક જઈ રહી છે.

જયારે મધ્ય ગુજરાતની ૬૧ બેઠકમાંથી ભાજપને ૫૧, કોંગ્રેસ ૭ અને આમ આદમી પાર્ટીને એક બેઠક મળી રહી છે. આમ ગુજરાતનાં ચારેય ઝોનમાં ભાજપનો વિજય વાવટો ફરકી ગયો છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી કયાંય ચિત્રમાં જ નથી તેમ કહી શકાય. ગુજરાતમાં ભાજપની ભવ્ય જીતથી ભાજપને નવું જોમ પ્રાપ્ત થયું છે અને આગામી વર્ષે યોજાનારી ૯ રાજયોની વિધાનસભાની ચૂંટણીઓ અને ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે ભાજપને અત્યારથી બૂસ્ટર ડોઝ પ્રાપ્ત થઈ ગયો છે.

### ગુજરાત વિધાનસભાનું ચૂંટણી ચિત્ર

(બપોરે ૧.૦૦ કલાકે)
કુલ બેઠકો : ૧૮૨
પરીણામ/વલણ : ૧૮૨
ભાજપ - ૧૫૪
કોંગ્રેસ - ૨૦
આપ - ૦૫
અન્ય - ૦૩

## રાજયનાં તમામ જીલ્લામાં ભગવો લહેરાયો : ગુજરાતનાં ઈતિહાસમાં સૌપ્રથમવાર કોઈપણ પક્ષને ૫૦ ટકાથી વધુ મત મળવાનો રેકોર્ડ સ્થાપિત થયો

ગાંધીનગર તા. ૮ : ગુજરાત વિધાનસભાનાં ઈતિહાસમાં સૌપ્રથમવાર રાજયનાં તમામ જીલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. ચૂંટણીપંચનાં આંકડા મુજબ કુલ મતમાંથી ભાજપને ૫૨ ટકા મત મળ્યા છે. જે એક રેકોર્ડ છે. એવું પ્રથમવાર બન્યું છે કે, ગુજરાતનાં ઈતિહાસમાં પ્રથમવાર કોઈ પક્ષને ૫૦ ટકાથી વધુ મત મળ્યા હોય, ભાજપે ૫૨ ટકા મત મેળવીને નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

**ગુજરાતમાં સતત ૭મીવાર ભાજપ સત્તાનો સુત્રો સંભાળશે**

| સૌરાષ્ટ્ર- કચ્છ | દક્ષિણ ગુજરાત | મધ્ય ગુજરાત | ઉત્તર ગુજરાત |
|---|---|---|---|
| કુલ બેઠક - ૫૪ | કુલ બેઠક : ૩૫ | કુલ બેઠક : ૬૧ | કુલ બેઠક : ૩૨ |
| પરીણામ/વલણ - ૫૪ | પરીણામ/વલણ : ૩૫ | પરીણામ/વલણ : ૬૧ | પરીણામ/વલણ : ૩૨ |
| ભાજપ - ૪૦ | ભાજપ - ૨૯ | ભાજપ - ૫૧ | ભાજપ - ૨૨ |
| કોંગ્રેસ -૦૯ | કોંગ્રેસ - ૦૩ | કોંગ્રેસ - ૦૭ | કોંગ્રેસ - ૦૮ |
| આપ - ૦૪ | આપ-૦૩ | આપ - ૦૧ | આપ - ૦૦ |
| અન્ય - ૦૧ | અન્ય - ૦૦ | અન્ય - ૦૨ | અન્ય - ૦૨ |

## ૧૧ ડિસેમ્બરે નવી સરકારની શપથવિધિ નિશ્ચિત

અમદાવાદ તા. ૮

ગુજરાતમાં ભાજપનો ભવ્ય વિજય આડે હવે કોઈપણ અડચણ રહી નથી. ભાજપે ગુજરાતમાં અભૂતપૂર્વ સિધ્ધિ પ્રાપ્ત કરી છે. અત્યાર સુધીમાં કયારેય ન મળી હોય તેવી સફળતા ભાજપે પ્રાપ્ત કરી છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ ગુજરાતમાં તા.૧૧ ડિસેમ્બર રવિવારે નવી સરકારની શપથવિધિ થશે તેવું જાણવા મળે છે. ૧૧ ડિસેમ્બરે ભવ્ય શપથવિધિ સમારોહ યોજાશે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપનાં તમામ મોટા નેતાઓ અને તમામ ભાજપ શાસિત રાજયોનાં મુખ્યમંત્રીઓ હાજર રહેશે.


## ઘાટલોડીયા બેઠક ઉપર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ભવ્ય વિજય



અમદાવાદ તા. ૮

અમદાવાદની ઘાટલોડીયા બેઠક ઉપર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ભવ્ય વિજય થયો છે. સમગ્ર ગુજરાતમાં ઘાટલોડીયા બેઠકનું પ્રથમ પરીણામ જાહેર થયું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમના નજીકનાં પ્રતિસ્પર્ધી અમીબેન યાજ્ઞિકને ૬૦,૦૦૦ મતની પ્રચંડ લીડથી હાર આપી છે.

## ખંભાળીયા બેઠક ઉપર આપનાં સીએમ પદનાં ઉમેદવાર ઈશુદાન ગઢવીની હાર ભાજપનાં મુળુ બેરા જીત્યા



ખંભાળીયા તા. ૮

દેવભૂમિ દ્વારકા જીલ્લાની ખંભાળીયા બેઠક ઉપર આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર અને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરેલા ઈશુદાન ગઢવીની હાર થઈ છે. ખંભાળીયાની બેઠકનાં પ્રતિષ્ઠીત જંગમાં ભાજપના ઉમેદવાર મુળુભાઈ બેરાએ તેમના નજીકનાં પ્રતિસ્પર્ધી આમ આમી પાર્ટીનાં ઈશુદાન ગઢવી અને કોંગ્રેસનાં ઉમેદવાર વિક્રમ માડમને હાર આપી છે.

## પોરબંદરમાં અપસેટ : કોંગ્રેસનાં અર્જુન મોઢવાડીયાની જીત : ભાજપનાં બાબુ બોખીરીયા હાર્યા



પોરબંદર તા. ૮

પોરબંદર બેઠક ઉપર ભારે અપસેટ સર્જાયો છે. પોરબંદરની બેઠક ઉપર કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા અર્જુન મોઢવાડીયાએ જીત મેળવી છે. અર્જુન મોઢવાડીયાએ તેમના નજીકનાં પ્રતિસ્પર્ધી બાબુભાઈ બોખીરીયાને હાર આપી છે. અગાઉની ચૂંટણીઓમાં પોરબંદર બેઠક ઉપર બાબુ બોખીરીયા જ ચુંટાતા આવ્યા છે પરંતુ આ વખતે સમગ્ર રાજયમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યુ હોવા છતાં પોરબંદરની બેઠક ભાજપે ગુમાવતા રાજકીય પંડિતો માથું ખંજવાળી રહયા છે.

## અમરેલી બેઠક ઉપર કોંગ્રેસનાં પરેશ ધાનાણીનો પરાજય : ભાજપનાં કૌશિક વેકરીયા જીત્યા






અમરેલી તા. ૮

અમરેલી જીલ્લાની અમરેલી વિધાનસભા બેઠક ઉપર અપસેટ સર્જાયો છે. જેમાં હોટ ફેવરીટ ગણાતા કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણીની હાર થઈ છે. અમરેલી બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર કૌશિક વેકરીયાએ ભવ્ય જીત મેળવી છે.

## જમાલપુર - ખાડીયાની બેઠક ઉપર ઈમરાન ખેડાવાલા જીત્યા : દરીયાપુર બેઠક ઉપર ગ્યાસુદીન શેખની હાર



અમદાવાદ તા. ૮

અમદાવાદમાં મુસ્લીમ મતદારો ધરાવતી બે બેઠકોનાં પરીણામ આવી ગયા છે જેમાં જમાલપુર - ખાડીયાની બેઠક ઉપર કોંગ્રેસનાં ઉમેદવાર ઈમરાન ખેડાવાલા વિજયી બન્યા છે.

ઈમરાન ખેડાવાલાએ તેમના નજીકનાં પ્રતિસ્પર્ધી ભૂષણ ભટ્ટને હાર આપી છે. જયારે અમદાવાદની દરીયાપુર બેઠક ઉપર કોંગ્રેસનાં ગ્યાસુદીન શેખની હાર થઈ છે. દરીયાપુર બેઠક ઉપર ગ્યાસુદીન શેખ હોટફેવરીટ મનતા હતા તેમ છતાં ભાજપનાં ઉમેદવાર કૌશિક જૈનએ ગ્યાસુદીનને હરાવવામાં સફળતા મેળવી છે. કોંગ્રેસે કુલ ૭ મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપી હતી જેમાંથી ઈમરાન ખેડાવાલા જ જીત્યા છે. જયારે અબડાસાની બેઠક ઉપર કોંગ્રેસનાં ઉમેદવાર મમદભાઈ જત ૧૬ હજાર મતથી આગળ ચાલી રહયા છે.

જયારે વાંકાનેરની બેઠક ઉપર કોંગ્રેસનાં જાવિદ પીરઝાદાની ભાજપનાં જીતુ સોમાણી સામે હાર થઈ છે. વાંકાનેરની બેઠક કોંગ્રેસની પરંપરાગત બેઠક ગણાતી હતી તેમાં પણ કોંગ્રેસની હાર થઈ છે.

# હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસનો પંજો ફરી વળ્યો : કમળ કચડાયું

સીમલા તા. ૮

હિમાચલ પ્રદેશનાં ચૂંટણી પરીણામોએ ભાજપનો ભારે આંચકો આપ્યો છે. હિમાચલ પ્રદેશની કુલ ૬૮ બેઠકોમાંથી તમામ બેઠકોનાં પરીણામ / વલણ જાહેર થયા છે જેમાં કુલ ૬૮ બેઠકોમાંથી કોંગ્રેસનો ફાળે ૩૮ બેઠકો જઈ રહી છે. જયારે ભાજપને ૨૭ બેઠકોથી સંતોષ માનવો પડયો છે. આમ આદમી પાર્ટીને એક પણ બેઠક મળી નથી જયારે અન્ય - અપક્ષને ફાળે ૩ બેઠક જઈ રહી છે.

હિમાચલ પ્રદેશમાં સરકાર રચવા માટે સાદી બહુમતી માટે ૩૫ બેઠકોની જરૂર રહે છે તેના બદલે કોંગ્રેસે ૩૮ બેઠકો મેળવીનો સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનશે તે હવે નિશ્ચિત થઈ ગયું છે. કોંગ્રેસે હિમાચલ પ્રદેશને ભાજપ પાસેથી છિનવી લીધું છે. કોંગ્રેસનાં વરીષ્ઠ નેતાઓ હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ શાસીત નવી સરકારની રચના માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. હિમાચલ પ્રદેશમાં લોકોએ સત્તા વિરોધી મતદાન કરવાની પરંપરા જાળવી રાખી છે.

### હિમાચલ પ્રદેશનું ચૂંટણી ચિત્ર

(૧.૦૦ કલાકે)
કુલ બેઠકો : ૬૮
પરીણામ/વલણ : ૬૮
કોંગ્રેસ - ૩૮
ભાજપ - ૨૭
આપ - ૦૦
અન્ય - ૦૩

## વિરમગામ બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર હાર્દિક પટેલની જીત



વિરમગામ તા. ૮

અમદાવાદ જીલ્લાની વિરમગામ બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર હાર્દિક પટેલનો ભવ્ય વિજય થયો છે. જીતઆ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ વિરમગામ બેઠક ઉપર હાર્દિક પટેલે ૨૨,૦૦૦થી વધુ મતની લીડથી જીત થઈ છે.

## માણાવદરમાં અપસેટ જવાહર ચાવડાની હાર



માણાવદર તા. ૮

માણાવદર વિધાનસભા બેઠક ઉપરનાં પ્રતિષ્ઠીત જંગમાં કોંગ્રેસનાં ઉમેદવાર અરવિંદ લાડાણીએ ભાજપનાં ઉમેદવાર જવાહર ચાવડાને હાર આપી છે. ભાજપનાં ઉમેદવાર અને પૂર્વ મંત્રી જવાહર ચાવડાની હારથી આ વિસ્તારમાં ભારે મોટો અપસેટ સર્જાયો છે. અગાઉ યોજાયેલ ત્રણ ચૂંટણીઓમાં સતત જવાહર ચાવડા જીતતા આવતા હતા. પરંતુ આ વખતે જવાહર ચાવડાની ૩૬૦૪ મતથી હાર થતાં ભાજપે માણાવદરની બેઠક ગુમાવી દીધી છે.

## ઈલેકશન બ્રેકીંગ




- આમ આદમી પાર્ટીનાં ગોપાલ ઈટાલીયા પણ હાર્યા
- કુતિયાણા બેઠક ઉપર કાંધલ જાડેજાની ૨૨ હજાર મતથી જીત
- ગાંધીનગર બેઠક ઉપર અલ્પેશ ઠાકોરની જીત
- પોરબંદરની બંને બેઠકો ઉપર ભાજપનાં ઉમેદવારો હાર્યા
- ગારીયાધાર બેઠક ઉપર સતત ૬ ટર્મથી વિજેતા બનતા ભાજપનાં ઉમેદવાર કેશુભાઈ નાકરાણીની હાર, આપનાં સુધીર વાઘાણીની જીત

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**




CMYK

બે વિદ્યાર્થીની જોડીએ વિજ્ઞાન મેળામાં અનોખી કૃતિ રજૂ કરી

# બે વિદ્યાર્થીઓએ મોરબી જેવી દુર્ઘટના રોકવા માટે સેન્સરથી ચાલતું એક મોડલ બનાવ્યું

## પુલ ઉપર વજન વધી જાય તો પુલનું દેખરેખ કરનારને લાલ લાઈટનું સિગ્નલ મળે છે, અને વધુ પડતું વજન વધી જાય તો સિગ્નલ સાથે એલર્ટ બઝર મ્યુઝિક પણ વાગે છે

સુરત,તા.૮

સુરતની નગર શિક્ષણ સમિતિની શાળાના બે વિદ્યાર્થીની જોડીએ વિજ્ઞાન મેળામાં અનોખી કૃતિ રજૂ કરી છે. ૧૩ વર્ષના બંને બાળકોએ મોરબીની દુર્ઘટનાની કૃતિ રજૂ કરી છે. મોરબીનો ઝુલતો પુલ બનાવીને બે બાળકોએ સમજાવ્યું છે કે પુલ ઉપર એક લિમિટ કરતાં વજન વધી જાય તો પુલને કઈ રીતે તૂટતો બચાવી શકાય છે. જે કામ તંત્રએ અગાઉથી કરવાનું હોય તેવું કાર્ય શાળાના બે બાળકોએ વિજ્ઞાન મેળામાં બનાવ્યું છે. બંને બાળકોએ એવું યંત્ર બનાવી બતાવ્યું છે કે જેનાથી પુલ પર વજન વધી જાય તો પુલનું દેખરેખ કરનારને લાલ લાઈટનું સિગ્નલ મળે છે. અને વધુ પડતું વજન વધી જાયતો સિગ્નલ સાથે એલર્ટ બઝર મ્યુઝિક પણ વાગે છે. જેનાથી પુલ દુર્ઘટના જેવી મોટી હોનારત અટકાવી શકાય છે. ગુજરાતના મોરબી જિલ્લામાં થોડા સમય પહેલા મચ્છુ ડેમ પરના ઐતિહાસિક જુલતો બ્રિજ તૂટવાની જે દુર્ઘટના બની હતી. જેમાં ૧૩૪ થી વધુ લોકો મૃત્યુ પામ્યા તો અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેને લઈ સૌ કોઈના માનસપટલ પર આ ઘટનાએ ઉંડી છાપ છોડી છે. નાના બાળકો હોય કે મોટા તમામ આ દુર્ઘટનાથી ખૂબ જ આઘાત થયા છે. અને આ પ્રકારની દુર્ઘટના ભવિષ્યમાં પણ ક્યારેય કોઈની સાથે ન થાય તેને લઇ મનોમંથન સૌ કોઈ કરી રહ્યા છે. તેવામાં સુરતના રાંદેર ઝોન ખાતે યોજાયેલા સરકારી શાળાના વિજ્ઞાન મેળામાં બે બાળકોએ ઝુલતા બ્રિજ અંગેની અદભુત સમજ આપતી કૃતિ રજૂ કરી હતી. મોરબી દુર્ઘટનાના એ બાળકોના માનસપટલ પર એવી અસર કરી હતી કે તેણે વિજ્ઞાન મેળામાં મોરબી દુર્ઘટનાને નિવારી શકાય તે પ્રકારનું યંત્ર બનાવી સમજ આપી હતી. જેને લઇ વિજ્ઞાન મેળાની આ કૃતિ સૌ કોઈ માટે આકર્ષિત બની હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં સી.આર.સી. કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન મેળામાં રાંદેર ઝોનમાં આવેલી શાળા ક્રમાંક ૨૧૮ શ્રી ધૂમકેતુ પ્રાથમિક શાળાના ધોરણ આઠમાં ભણતા ૧૩ વર્ષના કુલદીપ સિંહ મકવાણા અને આશિષ દશકિયા નામના બે વિદ્યાર્થીઓએ મોરબી જેવી દુર્ઘટના રોકવા માટે સેન્સર થી ચાલતું એક મોડલ બનાવ્યું હતું. આ મોડલ અંગે વિદ્યાર્થીઓ કહે છે, મોરબીની દુ:ખદ ઘટના બની આવી દુર્ઘટના નું પુનરાવર્તન ન થાય તે જરુરી છે. આ મોડલ સાથે સેન્સર જોડી દેવામાં આવ્યું છે. આ બ્રિજ પરનો વજન નક્કી કરવામા આવ્યું છે. તેના કરતાં વજન વધે તો સેન્સર થકી એલાર્મ વાગે અને લાઈટ થવા લાગે છે. આ એલાર્મ એ બતાવે છે કે બ્રિજ પર વજન વધ્યું છે તેથી જોખમ ઉભું થાય તેવી શક્યતા છે. તેથી તાત્કાલિક વધારાનું વજન ન થવા દેવા સાથે બ્રિજ પર હાજર લોકોને ખસેડી દેવામાં આવે અને તેના કારણે દુર્ઘટનાનું નિવારણ થઈ શકે છે.

શિયાળુ પાક અંગે ખેડૂતોને ચિંતા વધી

# સુરેન્દ્રનગર જિલ્લામાં છૂટોછવાયો વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી

## જો વરસાદ પડે તો જીરૂના પાકને સૌથી વધુ નુકસાન થઈ શકે તેમ છે, કારણ કે, વરસાદને કારણે ભેજનું પ્રમાણ વધી શકે છે

સુરેન્દ્રનગર,તા.૮

સુરેન્દ્રનગર, જિલ્લામાં અને તાલુકા મથકોએ માગશર મહીનાના આ દિવસોમાં ઝાલાવાડ પંથકમાં ફુલ ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં અને પોષ મહીનામાં શિયાળાની ઠંડી જામવાની શકયતા છે ત્યારે ઝાલાવાડના ખેડૂતોએ ઋતુના આ મિજાજને પારખી વિવિધ પાકનું વાવેતર શરૂ કરી દીધુ છે. આ સમયે હવામાન ખાતા દ્વારા જે વરસાદની આગાહી કરાઈ છે તેના કારણે ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

અત્યાર સુધીમાં ખેડૂતોએ અંદાજે ૧,૨૦,૮૨૪ હેકટરમાં વિવિધ શિયાળુ પાકનું વાવેતર કર્યુ હોવાનું જાણવા મળ્યું છે. આ અંગેની જાણવા મળતી વધુ વિગત એવી છે કે, ઝાલાવાડના ખેડૂતોએ શિયાળાના પ્રારંભ સાથે જ રવિ પાકના વાવેતરની શરૂઆત કરી દીધી હતી. જિલ્લાની કુલ ૬,૨૪,૫૪૬ હેકટર ખેડવા લાયક જમીન પૈકી અત્યાર સુધીમાં ૧,૨૦,૮૨૪ હેકટરમાં વિવિધ રવિ પાકોનું વાવેતર કરવામાં આવ્યુ છે. જેમાં ૧૮,૭૩૬ હેકટરમાં પિયત અને બિનપિયત ઘઉંનુ વાવેતર કરાયુ છે. ૨૨,૬૮૬ હેકટરમાં ચણાનું વાવેતર કરવામાં આવ્યુ છે. ૪,૨૧૦ હેકટરમાં રાઈ, ૧૯,૭૬૯ હેકટરમાં જીરૂ અને ૨૫,૯૦૫ હેકટરમાં ધાણાનું વાવેતર કરવામાં આવ્યુ છે. ૧૭,૨૭૮ હેકટર જમીનમાં ખેડૂતોએ વરીયાળીનું અને ૯,૦૫૦ હેકટરમાં ઘાસચારાનું વાવેતર કર્યુ છે. આ ઉપરાંત ૨,૧૧૯ હેકટરમાં શાકભાજી અને ૪૧૮ હેકટરમાં અજમાનું વાવેતર કરવામાં આવ્યું છે. શિયાળુપાકનું સૌથી વધુ વાવેતર ધ્રાંગધ્રા તાલુકામા ૫૩,૮૬૦ હેકટરમાં થયુ છે. સૌથી ઓછુ વાવેતર થાનગઢ તાલુકામાં ૧,૪૩૧ હેકટરમાં થયુ છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો અત્યાર સુધીમાં જિલ્લાનું કુલ ૧૯.૩૫ ટકા વાવેતર થયુ છે. આગામી દિવસોમાં શિયાળુ પાકના વાવેતરમાં નોંધપાત્ર વધારો થવાની શકયતા છે. હવામાન ખાતા દ્વારા જે વરસાદની આગાહી કરાઈ છે. તેમાં ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં જો વરસાદ પડે તો જીરૂના પાકને સૌથી વધુ નુકસાન થઈ શકે તેમ છે. કારણ કે, વરસાદને કારણે ભેજનું પ્રમાણ વધી શકે છે. હજુ જે ખેડૂતોના ખેતરમાં કપાસ વિણવાનો બાકી છે તે કપાસને પણ નુકસાન થવાની શકયતા છે. તેમ જનક કલોત્રા, નિવૃત ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે. જિલ્લાના ૬૫૦થી વધુ ગામડામાં ખેતી કરીને અનેક પરિવાર પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. એમાય નર્મદાના નીર આવવા છતા ખેડૂતો અનેક કુદરતી આફતો સામે લડી રહ્યા છે. જેમાં ખેડૂતોને જ નુકસાની ભોગવવાનો વારો આવે છે. આવા સમયે અત્યારે જિલ્લામાં ૧.૨૦ લાખથી વધુ હેકટર જમીનમાં શિયાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે.

જેમાં ખાસ કરીને જીરુ,ચણા, ઘઉં અને વરિયાળી સહિતના પાકનો સમાવેશ થાય છે. શિયાળુ પાકમાં સારી આવક થવાની આશાએ ખેડૂત ખેતરમાં પરસેવો પાડે છે. તેવા સમયે હવામાન ખાતાએ આગાહી કરી છે કે, બંગાળની ખાડીમાં આગામી સમયમાં લો પ્રેસર સર્જાશે. જેની અસર અરબ સાગરમાં પણ જોવા મળશે. જેને લઈને ગુજરાતની સાથે સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧થી ૧૫ ડિસેમ્બર સુધીમાં છૂટોછવાયો વરસાદ પડવાની સાથે વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. આ કારણે ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

પ્રથમ વખત રામકથાનું ભવ્ય આયોજન

# અમરેલી જિલ્લાના લાઠીમાં પૂજ્ય મોરારીબાપુની રામકથા યોજાશે

## રામકથા દરમ્યાન સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આસપાસના ગામડાની ૭૬ દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લાના લાઠીમાં પૂજ્ય મોરારીબાપુની રામકથા યોજાશે. કથાને લઈ તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. રામકથા દરમિયાન સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આસપાસના ગામડાની ૭૬ દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે.

લાઠી શહેરમાં પ્રથમ વખત રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કથાકાર મોરારીબાપુ વ્યાસપીઠેથી કથાનું રસપાન કરાવશે. રામકથામાં સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન યોજાશે. જેમાં ૭૬ યુવતીઓ પ્રભુતામાં પગલા પાડશે. લાઠી શહેરમાં યોજાનાર કથાના મુખ્ય યજમાન શિવમ જવેલર્સના ઉદ્યોગપતિ દુલાશંકર અને ઘનશ્યામભાઈ શંકર છે અને તેમના અધ્યક્ષ સ્થાને રામકથા યોજવાની છે. જેમાં સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન પણ યોજવાના છે

લાઠી શહેરને સેવાભાવી શહેર તરીકે ઓળખવામાં આવે છે. લાઠી શહેરના ઉદ્યોગપતિઓ દ્વારા અવારનવાર લોકો ઉપયોગી કર્યો કરવામાં આવે છે. લાઠી શહેરમાં આગામી સમયમાં પૂજ્ય મોરારીબાપુની રામકથા યોજાશે. કથા દરમિયાન સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૭૬ યુવતીઓ પ્રભુતામાં પગલા પાડશે. આજુબાજુ વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારની દીકરીઓનું અહીંથી કન્યાદાન કરવામાં આવશે.

વિશ્વ વંદનીય કથાકાર મોરારીબાપુના સ્વર કંઠે યોજનારી રામકથામાં ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રી અને લાઠીના જાણીતા ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા, મનજીભાઈ ધોળકિયા, અન્ય ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે અને નવદંપતીને આશીર્વાદ આપશે. અહીં વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં કલાકારો ઉપસ્થિત રહેશે. હાસ્ય કલાકાર માયાભાઈ આહીર, કિર્તીદાન ગઢવી, રાજભા ગઢવી સહિતના લોક સાહિત્યકાર ઉપસ્થિત રહેશે.

લાઠી શહેર પાસે હાલ રામકથાને લઈ તૈયારી ચાલી રહી છે. અહીં મંડપ અને ભોજન પ્રસાદની વ્યવસ્થા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. અહીં મોટો ડોમ તૈયાર કરવામાં આવશે. અહીં બપોરના સમયે ભોજન પેરસવામાં આવશે. તેની યારીઓ હાલ શરૂ કરી દેવામાં આવી છે. અહીં વિદેશથી તેમજ બહારથી આવતા મહેમાનો માટે રહેવા માટેની સુવિધાઓ કથાના યજમાન દ્વારા કરવામાં આવી છે.

SOU એકતાનગર વિશ્વકક્ષાનું પ્રવાસન સ્થળ બન્યું

# SOU ખાતે 24x7 આરોગ્ય લક્ષી સુવિધા ઉભી કરાઇ, ૫૦ બેડની હોસ્પિટલ બનશે

## એકતા મોલની પાછળ આવેલ સ્વાગત કચેરી ખાતે ૧૦ બેડની આધુનિક સુવિધાથી સજ્જ હંગામી હોસ્પિટલનો પ્રારંભ કરવાનો નિર્ણય લેવામાં આવ્યા

નર્મદા,તા.૮

કેવડિયા એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં નિર્માણ બાદ આજદિન સુધી ૧ કરોડથી પણ વધારે પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય પ્રવાસન સ્થળો વિકસિત થતા સમગ્ર વિસ્તાર વૈશ્વિક કક્ષાનું પ્રવાસન સ્થળ બની ચૂકયું છે.

જે ધ્યાને લેતા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા એકતાનગરનાં સ્થાનિકો અને આવનાર પ્રવાસીઓની આરોગ્યલક્ષી સુવિધા વધુ સુદ્રઢ કરવા તરફ મહત્વનું કદમ ઉઠાવતા એકતા મોલની પાછળ આવેલ સ્વાગત કચેરી ખાતે ૧૦ બેડની આધુનિક સુવિધાથી સજ્જ હંગામી હોસ્પિટલનો પ્રારંભ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૧૦ દિવસમાં આ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવશે. તેની સાથે એકતા નગરના પ્રવાસન આકર્ષણમાં પ્રવાસીઓ અને સ્થાનિક નિવાસીઓ માટે વરદાનરૂપ આરોગ્ય સુરક્ષા છત્ર ઉમેરાઈ રહ્યું છે. SOU એકતાનગર આજે વિશ્વકક્ષાનું પ્રવાસન સ્થળ બન્યું છે તેની સાથે એકતાનગર સહિતના વિસ્તારનો સમતોલ વિકાસ થાય તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળની રચના કરવામાં આવી છે. સત્તામંડળ દ્વારા અનેક જનસુખાકારીનાં પગલા લેવામાં આવી રહ્યા છે. જે અનુસંધાને એકતાનગર વિસ્તારના સ્થાનિક નિવાસીઓ અને પ્રવાસીઓની આરોગ્યલક્ષી સુવિધા વધારવાના ભાગરૂપે એકતા મોલની પાછળ આવેલ સ્વાગત કચેરી ખાતે ૧૦ બેડની આધુનિક સુવિધાથી સજ્જ હોસ્પિટલ ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવશે.

હોસ્પિટલ કાર્યરત કરવા માટે આજરોજ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીને સ્વાગત કચેરીનો કબ્જો સોંપવામાં આવ્યો છે, આગામી ૧૦ દિવસમાં ૧૦ બેડની સુવિધા સજ્જ હોસ્પિટલ કાર્યરત કરી દેવામાં આવશે. આ હોસ્પિટલમાં ૨૪ X ૭ આરોગ્યલક્ષી સુવિધા ઉપલબ્ધ રહેશે જેમાં મેડીકલ ઓફિસર, નર્સિંગ સ્ટાફ, ફાર્મસી, લેબોરેટરી, મહિલા અને પુરુષ વોર્ડની સેવાઓ ઉપલબ્ધ રહેશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ નાં જનસંપર્ક અધિકારી રાહુલ પટેલે જણાવ્યું હતું કે, આ વિસ્તારના સ્થાનિય નિવાસીઓ, પ્રવાસીઓ તેમજ વિવિધ પ્રવાસીય પ્રકલ્પો પર પોતાની સેવાઓ આપતા કર્મચારીઓની આરોગ્યલક્ષી સુવિધાને ધ્યાને લઈને આગામી સમયમાં એકતા નગર ખાતે ટ્રોમાં સેન્ટરની સુવિધા સાથે ૫૦ બેડની આધુનિક હોસ્પિટલ ઉભી થાય ત્યાં સુધી આ વ્યવસ્થા કાયમ રહેશે.

ઠંડીનો ચમકારો વધતા વિદ્યાર્થીઓ ઠુઠવાયા

# સવારની શાળાનો સમય એક કલાક મોડો કરવા માંગ

અમદાવાદ,તા.૮

રાજ્યમાં ઠંડીનું જોર ધીમે-ધીમે વધી રહ્યું છે. વહેલી સવારમાં ફુંકાતા ઠંડા પવનોના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે, ત્યારે શિયાળાના સમય દરમિયાન કડકડતી ઠંડી પડતી હોવાથી સવારની શાળાના સમયમાં ફેરફાર કરવાની માંગ વાલીઓમાં ઉઠી છે. સવારની શાળાનો સમય એક કલાક મોડો કરવા માંગ કરવામાં આવી રહી છે.

અમદાવાદ સહિત રાજયભરમાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડીનો ચમકારો વધ્યો છે. હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાય તેવી આગાહી કરવામાં આવી છે. સામાન્ય દિવસોમાં સવાર પાળીની શાળાનો સમય સવારે ૭ વાગ્યાનો હોય છે, પરંતુ હાલમાં શિયાળાના કારણે ઠંડીનો પ્રકોપ વધ્યો છે ત્યારે સવાર પાળીની શાળાના સમયમાં ૧ કલાક મોડો કરી શાળાનો સમય ૮ વાગ્યાથી કરવા માંગ વાલીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

ખાસ કરીને પ્રાયમરી અને પ્રિપ્રાયમરી શાળાના બાળકો વહેલી સવારમાં ઉઠી શાળાએ જતા હોય છે. કડકડતી ઠંડીના કારણે વહેલી સવારે ઉઠી બાળકો શાળાએ જતા બાળકો ઠંડીમાં ઠુઠવાઈ રહ્યાં છે. જેને પગલે સવાર પાળીની શાળાના સમયમાં ફેરફાર કરવા માંગ ઉઠી છે.

બીજી તરફ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડના શાસનાધિકારી લબ્ધિર દેસાઈએ જણાવ્યું કે, ઠંડીનો પ્રકોપ વધી રહ્યો છે. જેને લઈને અમે સવારની શાળાના સમયમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યાં છીએ. તેમણે કહ્યું કે, આગામી ૧૨ ડિસેમ્બરથી સવારની શાળામાં ફેરફાર કરવામાં આવશે. જે અંતર્ગત આગામી સોમવારથી સવાર પાળીનો સમય સવારે ૭.૫૫થી ૧૨.૧૦ અને બપોર પાળીનો સમય ૧૨.૩૫થી સાંજે ૫.૧૦ સુધીનો રહેશે. જ્યારે શનિવારે સવારે ૭.૫૫થી ૧૧.૩૦ સુધીનો સમય રહેશે. મહત્વનું છે કે, ધીમે-ધીમે ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. જેના કારણે શરદી, ખાંસી અને વાયરલ બિમારીઓના કેસમાં વધારો થયો છે. વધતી ઠંડીના કારણે શાળાના સમયમાં ફેરફાર કરવાની વાલીઓમાં માંગ વધી છે.

ટેટ ૧ અને ટેટ ૨ના ઉમેદવારો માટે મહત્વના સમાચાર

# ટેટ ૧ અને ટેટ ૨ની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયો

ગાંધીનગર,તા.૮

અગાઉ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, મને એવું લાગે છે કે આ વખતે ૩.૫ લાખથી વધુ ઉમેદવારો આ પરીક્ષા માટે અરજી કરશે. ૧૭ ઓક્ટોબરના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતુ. ૧૮ ઓક્ટોબરના રોજ વર્તમાન પત્રોમાં કસોટીની જાહેરાત પ્રસિદ્ધ થઈ હતી. ઉમેદવારો ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨થી ૫ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત અપાઈ હતી જે વધારવામાં આવી છે અને હવે ૩૧ ડિસેમ્બર કરવામા આવી છે. ઉમેદવારો નેટ બેકિંગ દ્વારા ઓનલાઈન ૩૧ ડિસેમ્બર સુધી ફી ભરી શકશે. પરીક્ષાની સંભવિત તારીખો પણ આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમે જાહેર કરાશે. આ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતીમાં ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય કર્યો હતો. જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણમાં સરળતા રહે તે મોટી જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, તજજ્ઞ સમિતિ દ્વારા સૂચવેલ સુધારા મુજબ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે જોડાયેલી સંસ્થાઓમા ભરતી પ્રક્રિયા ઝડપી થશે. આપને જણાવી દઈએ કે સરકારના આ નિર્ણયથી દિવ્યાંગને ભણાવવા માટે શિક્ષકને જરૂરિયાત મુજબ તાત્કાલિક ખાલી જગ્યામાં ભરી દેવામાં આવશે. જેનો ફાયદો દિવ્યાંગોને ઝડપી અને સારા શિક્ષણના રૂપમાં થશે. રાજ્યની મા.અને ઉ.મા.શાળાઓમા શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે તજજ્ઞ સમિતિ દ્વારા સૂચવેલ સુધારા કરાયા, જેથી દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે જોડાયેલ સંસ્થાઓમા શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઝડપી થશે, દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગતાની કેટેગરી મુજબ શિક્ષણકાર્ય કરાવે તેવા વિશિષ્ટ શિક્ષકો ઉપલબ્ધ થશે.

# બીજ ઉદ્યોગ ઉપર મોનોપોલીનો કારસો

ભારતમાં લગભગ ૧૫ કરોડ ખેડૂત પરિવાર ૪૦ કરોડ એકર જમીન ઉપર ખેતી કરે છે. જે અમેરિકા બાદ દુનિયામાં બીજો સૌથી મોટો વાવણી વિસ્તાર મનાય છે. જ્યાં અમેરિકા, કેનેડા, યુરોપના દેશોના બીજ બજાર પર માત્ર એક ડઝન બહુરાષ્ટ્રીય બીજ કંપનીઓ સંપૂર્ણ એકાધિકાર ભોગવી રહી છે, ત્યાં જ બીજી તરફ ભારતમાં ખેડૂતો ૮૦-૮૫ ટકા બીજ પોતાના ખેતરમાં તૈયાર કરેલા ઉપયોગ કરે છે. બાકી બીજમાં પણ બહુરાષ્ટ્રીય બીજ કંપનીઓની હિસ્સેદારી નગણ્ય રહી છે. કારણ કે ભારતના બીજ ઉદ્યોગમાં પ્રમાણિત લેબલવાળા બીજની હિસ્સેદારી લગભગ ૯૫ ટકા છે. આ સસ્તા ભાવનાં બીજ ખેડૂતો, સ્થાનિક ખાનગી બીજ કંપનીઓ અને સરકારી સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત બીજ શ્રેણી છે. જેને કારણે બહુરાષ્ટ્રીય બીજ કંપનીઓ ભારતીય બીજ બજાર ઉપર એકાધિકાર જમાવવામાં આજ સુધી મોટાભાગે નિષ્ફળ રહી છે! પરંતુ હવે બહુરાષ્ટ્રીય બીજ કંપનીઓ જીએમ પાક ટેક્નોલોજી દ્વારા બીજ ઉદ્યોગ ઉપર એકાધિકાર થોપીને ખેડૂતોના શોષણનો ગંભીર કારસો રચાઈ રહ્યો છે. જીએમ સરસવ ટેક્નોલોજીની અનુમતિને બહાને, બહુરાષ્ટ્રીય કંપનીઓ જલ્દી ધાન્ય, ઘઉં, તુવેર, મગ, મસૂર વગેરે તમામ સ્વપરાગિત પાકોના જીએમ સંકર બીજ બજારમાં વેચાણ માટે લાવશે. પછી ખેડૂતો દ્વારા વપરાતા પરંપરાગત બીજોને ખતમ કરીને બીટી કપાસ બીજ બજાર જેવો એકાધિકાર જમાવશે ! જેમાં ખેડૂતોએ દર વર્ષે કંપનીઓ પાસેથી જીએમ પાકોનાં મોંઘાં બીજ ખરીદવાં પડશે. હાલમાં તો ખેડૂતો સરસવ, ધાન્ય, ઘઉં, ચણા, મગ વગેરે સ્વપરાગિત પાકોનાં ઘરે બનાવેલાં બીજ વાપરીને બીજ કંપનીઓના શોષણકારી કુચક્રથી બચેલા છે ! પરંતુ મોંઘાં જીએમ સંકર બીજ આવી જતાં બીટી કપાસના ખેડૂતોની જેમ, બાકી ખેડૂતો પણ આત્મહત્યા માટે મજબૂર થશે, કારણ કે ત્યારે ખેતી ઉપર વાવણીથી લઈને પાક વેચાવા સુધી બહુરાષ્ટ્રીય કંપનીઓનો શોષણકારી કબ્જો હશે. દેશના ૫૦૦થી વધારે રાષ્ટ્રીય અને પ્રાદેશિક કૃષિ સંશોધન સંસ્થા અને યુનિવર્સિટી આ બહુરાષ્ટ્રીય કંપનીઓ સામે નતમસ્તક થઈને ખેડૂતોની કોઈ મદદ નહીં કરી શકે, જેવું કે બીટી કપાસ મામલે થયું છે. કારણ કે બહુરાષ્ટ્રીય કંપનીઓની એકાધિકાર જીએમ ટેક્નોલોજી આંતરરાષ્ટ્રીય પેટન્ટ કાયદા અંતર્ગત સુરિક્ષત હો છે. જેને ભારેખમ રોયલ્ટી આપ્યા વિના ભારતીય સંસ્થાઓ ઉપયોગ ન કરી શકે. ભારતમાં ખેડૂત અને પર્યાવરણ સંરક્ષણ સંગઠનોના વિરોધ છતાં જીએમ ટેક્નોલોજીની અનુમતિ સરસવની પેદાશ બે ગણી કરવા અને ખાદ્ય તેલોમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાના નામે આપવામાં આવી છે. જે વૈજ્ઞાનિક તથ્યોથી વિપરીત છે, કારણ કે ૧૯૯૬માં જીએમ ટેક્નોલોજી આવવાથી લઈને આજ સુધી કરવામાં આવેલ સંશોધનોમાં જીએમ પાકોની પેદાશમાં વધારો માત્ર ૬-૨૨ ટકા નોંધાયો છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ જમીન દિવસની ઉજવણી કરાઈ

## જમીનની તંદુરસ્તી ખાસ જાળવી રાખવા ખેડૂતમિત્રોને માહિતગાર કરાયા
## વિદ્યાર્થીઓએ કેમ્પસમાં જમીન સ્વાસ્થ્ય જાળવવાના પોસ્ટરો સાથેની રેલી કાઢી





જૂનાગઢ, તા.૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના જમીન વિજ્ઞાન વિભાગ અને કૃષિ વિજ્ઞાન વિભાગના સંયુકત ઉપક્રમે તા.૫ ડીસેમ્બર ૨૦૨૨નાં રોજ ''વિશ્વ જમીન દિવસ-૨૦૨૨''ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી પ્રસંગે કૃષિ મહાવિદ્યાલયના અનુસ્નાતક વિદ્યાર્થીઓએ કેમ્પસમાં જમીન સ્વાસ્થ્ય જાળવવાના પોસ્ટરો સાથેની રેલી કાઢવામાં આવી હતી.

આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.વી.પી.ચોવટીયા તથા યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિએ આ વર્ષની વિશ્વ જમીન દિવસની થીમ 'જમીન જેમાંથી ખોરાક બનવાની શરૂઆત થાય છે'ને અનુરૂપ સંબોધન કરતા જણાવેલ કે, જમીનમાં છેલ્લા ત્રણ દાયકાથી સેન્દ્રીય કાર્બન અને જુદા જુદા પોષક તત્વો કે જેનો છોડ જમીનમાંથી ઉપાડ કરે છે. તેનું પ્રમાણ ખુબજ ઘટયું છે. તેમાં પણ ખાસ કરીને સુક્ષમતત્વોની ખામી જમીનમાં વધી છે. જેને લીધે આવી પોષકતત્વની ખામીયુકત જમીનમાં વર્ષમાં એક કરતા વધારે પાકો લેવાને લીધે પાકને પુરા પોષકતત્વો મળતા નથી. જેથી ખેતી પાકોનું પુરતુ ઉત્પાદન મળતું નથી. ઉપરાંત પાકમાં પણ પુરતા પોષકતત્વો હોતા નથી. આવા ઓછા પોષકતત્વો વાળા ખોરાકનો આપણે જયારે ઉપયોગ કરીએ છીએ ત્યારે આપણને પણ આડકતરી રીતે આ પોષકતત્વો પુરતા પ્રમાણમાં ખોરાકમાંથી મળતા નથી. તેઓ વધુમાં જણાવ્યું હતું કે, ઉદાહરણ તરીકે ઘઉંના પાકમાં સરેરાશ ૪૦થી ૬૦ પીપીએમ જેટલું ઝીંક તત્વ હાજર હોય છે પણ જો જમીનમાં જ ઝીંક તત્વની ખામી હોય તો પાક ૨૦ થી ૩૦ પીપીએમ જેટલો જ ઉપાડ કરે છે જેને લીધે મનુષ્યમાં આ તત્વની ઉણપ સર્જાય છે. તેવી જ રીતે લોહ તત્વમાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળે છે. આ પ્રસંગે કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન, ડૉ.એસ.જી.સાવલીયાએ ઉદ્દબોધન આપતા કહ્યું કે, આજે દિવસેને દિવસે જમીનનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. જમીનની ભૌતિક, રાસાયણીક તેમજ જૈવિક પરિસ્થિતિ જળવાય રહે તે માટે જમીનમાં સેન્દ્રીય ખાતરો તેમજ જૈવિક ખાતરોનો રાસાયણીક ખાતરો સાથે ઉપયોગ કરવા માટે ભારપુર્વક જણાવ્યું હતું. આમ, તેઓએ ખેતી પાકોમાં સંતુલીત પોષણ વ્યવસ્થાપન અપનાવવા અનુરોધ કરેલ જેથી પાક ઉત્પાદન જળવાય રહે અને સાથે સાથે જમીનનું સ્વાસ્થ્ય સુધરે તેની સાર્થકતા 'જમીન સ્વસ્થ તો આપણે સ્વસ્થ' આ કહેવતથી સરીતાર્થ થાય છે. જમીનમાં રહેલા સેન્દ્રીય કાર્બન એ જમીનના સ્વાસ્થ્ય સાથે સીધો સબંધ ધરાવે છે. આ પ્રસંગે તેઓએ જમીનમાં રહેલ સેન્દ્રીય કાર્બન ઘટવાના કારણો તથા તેને જમીનમાં જાળવવા સેન્દ્રીય ખાતરોનો વપરાશ, પશુઓના અવશેષો જેવા કે ગૌમુત્ર, જીવામૃત, બીજામૃત વિગેરેનો ખેતી પાકોમાં ઉપયોગ કરવાની સલાહ આપી હતી. આ ઉપરાંત જમીનમાં રહેલ પોષકતત્વોની ખામીના લીધે મનુષ્યના શરીરમાં ગંભીર પ્રકારની બિમારીઓ જેવી કે, એનીમીયા, સાંધાના દુઃખાવા, માઈગ્રેન થાય છે. આમ, આવા પોષકતત્વોની ગેર હાજરીને 'હીડન હંગર' કહેવામાં આવે છે. જેનાથી બચવા જમીનની તંદુરસ્તી ખાસ જાળવી રાખવા ખેડૂતમિત્રોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાની રજૂઆતનો પડઘો

# જૂનાગઢ જીલ્લાની વિધાનસભાની બેઠકવાર પાંચ પાંચ વીવીપેટમાં પડેલ મતોની કાપલી ગણવામાં આવશે

જૂનાગઢ, તા.૮

ગુજરાત વિધાનસભાની યોજાયેલી ચુંટણીનું આજે જીલ્લા મથકોએ મતગણતરી કાર્ય સવારથી જ હાથ ધરવામાં આવેલ છે અને પરીણામો બહાર પાડવામાં આવી રહ્યા છે. દરમ્યાન મતગણતરીની પૂર્વ સંધ્યાએ એટલે કે ગઈકાલે જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાએ ભારતના ચુંટણી પંચ તેમજ સંબંધિત અધિકારીને એક પત્ર દ્વારા રજૂઆત કરી હતી કે, વિધાનસભાની દરેક સીટ ઉપર ઓછામાં ઓછા પાંચ બુથોના ઈવીએમ વોટની ગણતરી વીવીપેટની રસીદો સાથે સરખાવામાં આવે અને મતગણતારી કરવા માંગણી કરાઈ હતી. દરમ્યાન આ રજૂઆતનો પડઘો પડયો હોય તેમ ચુંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને ન્યાયી અને પારદર્શક રીતે યોજાય તે માટે ચુંટણી પંચ દ્વારા આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે સૌ પ્રથમ બેલેટ પેપરની મતગણના કરવામાં આવી હતી. ત્યારબાદ ઈવીએમ દ્વારા થયેલ મતોની ગણતરી અને જીલ્લાની દરેક વિધાનસભા બેઠક વાઈજ પાંચ પાંચ વીવીપેટમાં પડેલ મતોની કાપલી ગણવામાં આવી હતી.

### જામકંડોરણા રાજપૂત સમાજ ખાતે

# ક્ષત્રિય યુવક સંઘના સંસ્થાપક પૂજ્ય તનસિંહજીની ૪૩મી પુણ્યતિથિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા, તા.૮



શ્રી જામકંડોરણા રાજપૂત સમાજ અને શ્રી જામકંડોરણા રાજપૂત યુવક મંડળ દ્વારા ક્ષત્રિય યુવક સંઘના સંસ્થાપક પૂજ્ય શ્રી તનસિંહજીની ૪૩મી પુણ્યતિથિ નિમિતે રાજપૂત સમાજ ભવન ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી જેમાં શકિતસિંહજી કોટડાનાયાણી ભૂમિ ગૃપ ગોંડલ, સંકલન સમિતિ પ્રમુખ બાબભાબાપુ મેઘાવડ, જામકંડોરણા રાજપૂત સમાજના પ્રમુખ તેજુભા જાડેજા પીપરડી, યુવક મંડળ પ્રમુખ રામદેવસિંહ જાડેજા, સોળવદર સમાજના ટ્રસ્ટીઓ, વડીલો, યુવાનોએ હાજરી આપી હતી.

# કરૂણા ફાઉન્ડેશનની ૧૮ વર્ષની જીવદયા યાત્રા ૨૦૨૩નાં વર્ષને 'જીવદયા વર્ષ' તરીકે ઉજવાશે










રાજકોટ, તા.૮

સમગ્ર ભારતમાં નિઃશુલ્ક પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન ૧૦ (દસ) એમ્બ્યુલન્સ, બે બાઈક એમ્બયુલન્સ તેમજ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ૮,૦૦,૦૦૦ જેટલા જીવોની વિનામૂલ્યે સ્થળ ઉપર જ સારવાર કોરોનાકાળ દરમ્યાન ૩ મહિનામાં દોઢ કરોડ રૂપીયાના માતબર ખર્ચે જીવદયા પ્રવૃતિઓ કરાઈ જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, વેરાવળ, જૂનાગઢ, ચોટીલા, મહુવા, દ્વારકા, થાન, મોરબી, દિવ, બોટાદ સહિતના ૫૦ સેન્ટરોમાં એનીમલ હેલ્પલાઈન ચાલું કરાવવામાં રાજકોટની ટીમ નિમિત બની. વાર્ષિક ચાર કરોડના માતબર ખર્ચે સેવારત નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઈન, નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ, શેલ્ટર (પાંજરાપોળ) તથા અન્નક્ષેત્ર સેવારત વિશ્વનું સૌપ્રથમ એવું, પશુ—પક્ષીઓ માટેનું રોજીંદુ 'હરતુ ફરતુ અન્નક્ષેત્ર' પણ સેવારત સંસ્થા દ્વારા રાષ્ટ્રીય—આંતરરાષ્ટ્રીય કક્ષાએ જીવદયા, ગૌસેવા, અભયદાન, શાકાહાર, જીવરક્ષા પ્રવૃતિઓનો સતત પ્રચાર—પ્રસાર રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૧૮ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ—પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૮,૦૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે, નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૦ (દસ) એમ્બ્યુલન્સ તેમજ બે બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૯૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ ઉપર જ વિનામૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન—સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ—પક્ષીઓને ગૌશાળા/ પાંજરાપોળ/ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓનાં ૫૯૦ જેટલા ઓપરેશન, ૬૧૦થી વધારે ગૌ માતાના હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસ—પાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામાં ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન—સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત ભારતનો સર્વ પ્રથમ એવો 'પશુ-પક્ષીઓના અંધત્વ નિવારણ' માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, સતત કરવામાં આવે છે. ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા— ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રનાં સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓ માટેનાં "દંત ચિકિત્સા કેમ્પ", "ચર્મ ચિકિત્સા કેમ્પ", "નેત્ર ચિકિત્સા કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું. કતલખાને જતા ગૌવંશ, ગૌમાતા, મરઘા, પક્ષીઓ વગેરેને બચાવવામાં ટ્રસ્ટ આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદરૂપ થાય છે. સમગ્ર ભારતમાં ૧૮ વર્ષમાં અંદાજે ૨૦,૦૦,૦૦૦ ચકલીનાં માળા, પક્ષીના પાણી પીવાનાં કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયું છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે. જુની શ્રીજી ગૌશાળા(ગોંડલ રોડ, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, વાવડી, રાજકોટ) ખાતે તેમજ શેણી મેમોરિયલ ટ્રસ્ટ, ન્યુ શ્રેયસ સ્કૂલ સામે, શેઠનગરની બાજુમાં, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડની પાછળ, નાગેશ્વર તીર્થ સામે, માધાપર ચોકડી પછી, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, જામનગર રોડ, રાજકોટ ખાતે સંસ્થાની નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને શેલ્ટર (પાંજરાપોળ) માં અંદાજે ૧૨૦૦ જેટલા બીમાર, અશકત, ઘવાયેલા પશુ-પક્ષીઓને આશ્રય, સારવાર સતત, મળે છે. આ હોસ્પિટલમાં ઓપીડી રૂમ, ઓપરેશન થીયેટર, સ્ટાફ કવાટસ બડ હાઉસ, ગૌશાળા, ચબુતરો, અવેડો સહિતની અનેક સુવીધાઓ ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં ઓપરેશન સહિતની તમામ સુવીધાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. સમગ્ર સૌરાષ્ટ્રની ગૌશાળા—પાંજરાપોળોને આ નિઃશુલ્ક સુવિધાનો લાભ મળે છે.

કોરાનાના ૩ મહિનાના લોકડાઉનનાં સમયગાળા દરમ્યાન દોઢ કરોડ રૂપીયાનાં માતબર ખર્ચે અને ૯ કંટ્રોલ રૂમો દ્વારા રાજકોટ અને આસપાસના ૪૦ કિ.મી. નાં વિસ્તારમાં અબોલ જીવોને ખોરાક, પાણી, સારવાર પહોંચાડવામાં સંસ્થા નિમીત બની હતી. દુષ્કાળ સમયે ૭ જેટલા કેમ્પોનાં માધ્યમથી ૬,૫૦૦ જેટલી ગૌમાતા, ગૌવંશનાં નીભાવમાં સંસ્થાનાં અગ્રણીઓ નીમીત બન્યા હતા. સંસ્થા દ્વારા વિશ્વનું સૌપ્રથમ એવું પશી—પક્ષીઓ માટેનું રોજીંદુ હરતુ—ફરતુ અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે જેમાં શહેરમાં વિવિધ સ્થળોએ, વિવિધ ચબૂતરાઓમાં પક્ષીઓને ઋતુ અનુસાર ૨૦૦ કિ.ગ્રા. ચણ દરરોજ આપવામાં આવે છે. ૨૫ જેટલા વિસ્તારોમાં રોજ ૨૯૦ લીટર દુધ અને ૭૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૩૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. દરરોજ ૨૫ કિલો મકાઈનાં ડોડા ખીસકોલીઓને ખવડાવવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૫ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. કાગડા—કાબરને અનુકુળ ફરસાણ પીરસાય છે. લોટની ૩૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. વેરાવળ, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, મહુવા, ચોટીલા, મોરબી, બોટાદ, દિવ, ભાવનગર, દ્વારકા, થાન સહીતના શહેરોમાં એનીમલ હેલ્પલાઈનનો શુભારંભ કરાવવામાં સંસ્થા નિમીત બની છે. સમગ્ર ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં, વિશ્વમાં હેલ્પલાઈન ચાલુ થાય તેવો સંસ્થાનું ધ્યેય છે.

# ડયુરોફલેકસ દ્વારા વિસ્તરીત નિંદ્રા અનુભવ માટે ઉત્કૃષ્ટ ઓફરીંગ 'વેવ પ્લસ'ની રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૮

ભારતની અગ્રણી નિંદ્રા ઉકેલો પ્રદાન કરનાર ડયુરોફલેકસ સંશોધનમાં હંમેશા અગ્ર મોરચે રહી છે. આ સ્વપ્નને આગળ ધપાવતા અને ભારતીયોને તેમની નિંદ્રાને વધુ ઉંચા સ્તરે લઈ જવા (અપગ્રેડ)માં મદદ કરવા માટે 'ડયુરોફઅલેકસ વેલ પ્લસ' લોન્ચ કર્યું છે. નવી ટેક-સક્ષમ ડયુરોફલેકસ વેવ પ્લસ મલ્ટીફંકશનાલ સ્લિપ મોડથી સજજ છે જેથી ઉંડા આરામવાળી અને વિસ્તરીત નિંદ્રા અનુભવ પૂરો પાડી શકાય. લકઝરી બેડમાં ત્રણ મેસેજ મોડઝ અને બે મેમરી પ્રિસેટસનો સમાવેશ થાય છે જે યુઝર્સને તેમની જરૂરીયાત અનુસાર તેમની નિંદ્રાની સ્થિતિને અનુકુળ બનાવવામાં સહાય કરે છે.

નવા લોન્ચ ઉપર ટિપ્પણી કરતા ડયુરોફઅલેકસના ચિફ એકિઝકયુટીવ ઓફીસર મોહનરાજ જે.એ. જણાવ્યું હતું કે, ડયુરોફલેકસ વેવ પ્લસ રજુ કરતા અમને ખુશી થાય છે જે ખરેખર સમૃદ્ધ નિંદ્રાને અનુભવ પ્રદાન કરે છે. એક બ્રાન્ડ તરીકે અમે નિરંતર સ્લીપ ટેકનોલોજીને અનુસરી રહ્યા છીએ જે ભારતને વધુ સારી રીતે નિંદ્રા લેવામાં મદદ કરશે.

આ કેમ્પેન વિશે વાત કરતા વેકટર બ્રાન્ડ સોલ્યુશન્સના બિઝનેસ ઓફીસર પોલ ડયુમેનાએ જણાવ્યું હતું કે, ડયુરોફલેકસ વેવ સ્લીપ સિસ્ટમ સ્લીપ સોલ્યુશન્સનું ભવિષ્ય દર્શાવે છે. ટીમે વેવ સ્લિપ સોલ્યુશન સૌ પ્રથમ એવી પ્રોડકટ છે અને તેથી કેમ્પેનને એવી રીતે ડિલીવર કરવાની જરૂર છે કે તે આ કેટેગરી માટેનો વૃતાંત છે તેવી સ્પષ્ટ સમજણ સાથે આ કેમ્પેનનો સંપર્ક કર્યો હતો. હું પરીણામથી ખુબજ ખુશ છું અને મનો વિશ્વાસ છેકે, આ કેમ્પેન બ્રાન્ડ અને બિઝનેસ બંને ઉદ્દેશ્યોને પુરા કરશે.



આજકાલ તેઓ સ્વપ્નમાં મુખ્યમંત્રી બની જાય છે તેની કંઈક દવા કરોને !



ગામમાં ગમે તેટલા ભાષણ ઝીંકીએ, ઘરમાં તો આપણે પણ ભાષણ સાંભડવા પડે ભાઈ !



ભાઈ મોંઘવારી, ભ્રષ્ટાચાર જેવી ભ્રષ્ટ બાબતોની ચર્ચા મારી પાસે ન કરવી !





# વર્લ્ડ બેંકનો અંદાજ : કોલીંગ સેકટરમાં ગ્રીન અને ટકાઉ ટેકનિક ૩૭ લાખ નોકરીઓનું સર્જન કરશે

## ૨૦૪૦ સુધીમાં દર વર્ષે ૩૦૦ મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડમાં ઘટાડો થઈ શકે છે, ભારતની કૂલિંગ સેક્ટર વ્યૂહરચના જીવન અને નોકરીઓ બચાવવામાં મદદ કરી શકે છે

નવી દિલ્હી,તા.૮

બદલાતી અર્થવ્યવસ્થામાં રોજગારની નવી તકો ઊભી થઈ રહી છે. જો કૂલિંગ સેક્ટરમાં વૈકલ્પિક અને નવીન ઊર્જા કાર્યક્ષમ તકનીકોનો ઉપયોગ કરવામાં આવે, તો તે ૨૦૪૦ સુધીમાં માત્ર $1.6 ટ્રિલિયનનું રોકાણ જ નહીં, પણ ૩.૭ મિલિયનનોકરીઓનું સર્જન કરશે. આ શક્યતા વિશ્વ બેંક દ્વારા ભારતના કુલિંગ ક્ષેત્રે ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ' નામના અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. ભારતમાં બિલ્ડીંગ અને કન્સ્ટ્રક્શન, કોલ્ડ ચેઈનઅને રેફ્રિજન્ટમાં કુલિંગનો વ્યાપક ઉપયોગ થાય છે. અત્યાર, જૂની ટેકનોલોજીનો ઉપયોગ માત્ર પ્રદૂષણનું કારણ નથી, પરંતુ તે ખૂબ ખર્ચાળ પણ છે. વિશ્વ બેંકે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે કૂલીંગ સેક્ટર માટે ટકાઉ યોજના બનાવવાની જરૂર છે. આ સાથે ૨૦૪૦ સુધીમાં દર વર્ષે ૩૦૦ મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડમાં ઘટાડો થઈ શકે છે. ઉપરાંત, ભારતની કૂલીંગ સેક્ટર વ્યૂહરચના જીવન અને નોકરીઓ બચાવવામાં મદદ કરી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આનાથી માત્ર કાર્બન પ્રદૂષણમાં ઘટાડો થશે નહીં પરંતુ ગ્રીન કૂલિંગ મેન્યુફેક્ચરિંગમાં ભારત વૈશ્વિક હબ બની શકે છે. વિશ્વ બેંકના અહેવાલમાં મુખ્યક્ષેત્રોમાં નવા રોકાણોને ટેકો આપવા માટે એક બ્લુપ્રિન્ટ પણ રજૂ કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, ભારતે બિલ્ડિંગ અને કન્સ્ટ્રક્શન, કોલ્ડ ચેઈન અને રેફ્રિજન્ટ્સ ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. તે જ સમયે, કૂલિંગ ટેકનોલોજીમાં ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરવાની જરૂર છે, જેથી કેન્દ્રિયપ્લાન્ટ્સમાં ઠંડુ પાણી ઉત્પન્ન કરી શકાય અને ઘણી ઈમારતોમાં ભૂગર્ભ ઈન્સ્યુલેટેડ પાઈપો દ્વારા મોકલી શકાય. વર્લ્ડ બેંકના જણાવ્યા અનુસાર આનાથી એનર્જી બિલમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો થશે. રિપોર્ટમાં જણાવાયું છે કે સરકારની એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમપ્રધાનમંત્રી આવાસ યોજના આ ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકે છે, જેનાથી ૪૦ મિલિયન ઘરોને ફાયદો થશે. રિપોર્ટ અનુસાર, આ આગામી ૨ વર્ષમાં ૨૦ લાખ પ્રશિક્ષિત ટેકનિશિયન નોકરીનું સર્જન કરશે અને રેફ્રિજન્ટની માંગ લગભગ ૩૧ ટકા ઘટશે. પ્રી-કૂલિંગ અને રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટમાં રોકાણ કરવાથી ફૂડ વેસ્ટ ૭૬ ટકા ઘટાડી શકાય છે અને કાર્બનઉત્સર્જન ૧૬ ટકા ઘટાડી શકાય છે.

# ચીને નિયંત્રણો હળવા કર્યા, પરંતુ 'ઝીરો-કોવિડ' નીતિ ક્યારે સમાપ્ત થશે તે અંગે કોઈ જાણકારી આપી નથી




બેજીંગ તા.૮

ચીન હવે દેશમાં વિશ્વના સૌથી કડક એન્ટિવાયરસ નિયંત્રણોનેસરળ બનાવી રહ્યું છે અને સત્તાવાળાઓએ કહ્યું નથી કે તેઓ 'શૂન્ય-કોવિડ' વ્યૂહરચના ક્યારે સમાપ્ત કરી શકે છે, જેના લીધે લાખો લોકોને તેમના ઘરોમાં રહેવું પડે છે અને રાષ્ટ્રપતિ શી જિનપિંગનું રાજીનામા માટે લોકોએ વિરોધ અને માંગણીઓ કરી છે. ડિસેમ્બર પાંચના રોજ, બેઈજિંગ અને ઓછામાં ઓછા ૧૬ અન્ય શહેરોમાં મુસાફરોને મહિનાઓમાં પ્રથમ વખત અગાઉના ૪૮ કલાકમાં વાયરસ પરીક્ષણ વિના બસો અને સબવેમાં ચઢવાની મંજૂરી આપવામાં આવી હતી. હોંગકોંગ નજીકના ગુઆંગઝુ સહિતના ઔદ્યોગિક કેન્દ્રોએ બજારો અને વ્યવસાયો ફરીથી ખોલ્યા છે અને ચેપવાળા પ્રદેશો ઉપર પ્રતિબંધો અને હિલચાલ ઉપરના મોટાભાગના નિયંત્રણો હટાવ્યા છે. સરકારે ગયા અઠવાડિયે તેમના ૭૦ અને ૮૦ના દાયકામાં લાખો લોકોને રસી આપવાની યોજના જાહેર કરી હતી, શૂન્ય-કોવિડ પ્રતિબંધોને કારણે ઉત્પાદન અને વૈશ્વિક વેપારમા અવરોધ આવી રહ્યો છે.શૂન્ય-કોવિડના અંત અંગે આરોગ્ય નિષ્ણાંતો અને અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપે છે કે, તે ૨૦૨૩ના મધ્યમાં સમાપ્ત થશે. મોર્ગન સ્ટેનલીના અર્થશાસ્ત્રીઓએ પાંચ ડિસેમ્બરના એક અહેવાલમાં જણાવ્યું હતું કે, ચીનમાં હજુ ઝડપથી કામકાજ ફરી શરૂ થવા માટે તૈયાર નથી. અમે વિલંબિત નિયંત્રણ પગલાંની અપેક્ષા રાખીએ છીએ. હોસ્પિટલમાં દાખલ થવામાં વધારો થાય તો શહેરોમાં પ્રતિબંધો હજી પણ વધુ કડકથઈ શકે છે.ચીનએએકમાત્ર એવો મોટો દેશ છે જે હજી પણ કોવિડ ટ્રાન્સમિશનને રોકવાનો પ્રયાસ કરી રહ્યો છે જ્યારે યુનાઈટેડસ્ટેટ્સ અને અન્ય દેશોએ પ્રતિબંધો હળવા કરે છે. આ વાયરસને લીધે વિશ્વમાંઓછામાં ઓછા ૬.૬ મિલિયન લોકો માર્યા છે અને લગભગ ૬૫૦ મિલિયન લોકોને ચેપ લાગ્યો છે.ઉત્તર-પશ્ચિમમાં ઉરૂમકીમાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં આગમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મૃત્યુ થયા પછી ૨૫ નવેમ્બરે ચીનમાં વિરોધ શરૂ થયો હતો. આ વિરોધ પ્રદર્શનો પહેલા, કમ્યુનિસ્ટ પાર્ટીએ શૂન્ય-કોવિડ નીતિને હળવી કરવાનું વચન આપ્યું હતું પરંતુ કહ્યું હતું કે, તે એકંદર નિયંત્રણ વ્યૂહરચનાચાલુ રાખશે. પાર્ટીએ અગાઉ વ્યૂહરચના અપડેટ કરવાની જાહેરાત કરી હતી. ઓકટોબરથી કેસોમાં વધારો થવાથી સમગ્ર ચીનના વિસ્તારોને શાળાઓબંધ કરવા અને પરિવારોને એકસમયે અઠવાડિયા માટે એપાર્ટમેન્ટ બહાર નનીકળવા માટે કહેવામાં આવ્યું હતું.સત્તાવાળાઓ કહે છે કે, ચીન પાસે અસરકારક નિદાન અને સારવાર છે અને તેણે તેના ૯૦%થી વધુ લોકોને રસી આપી છે. શાસકપક્ષ આ રોગચાળાની રોકથામ, આર્થિક સ્થિરતા અને વિકાસ માટે સુરક્ષાને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ચીનની રાજધાનીના ટ્રેનસ્ટેશનો અને ત્રણ એરપોર્ટ ઉપરના પ્રવાસીઓએ પાછલા ૪૮ કલાકમાં નેગેટિવ વાયરસ ટેસ્ટ દર્શાવવો જરૂરી છે. અન્યત્ર, ગુઆંગઝુ અને અન્ય શહેરોમાં ચેપ માટે ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તારોમા હજુ પણ વધારાના નિયંત્રણો છે. દક્ષિણ-પશ્ચિમમાં ચોંગકિંગના વિશાળ મહાનગરમાં જાહેર ઈમારતોમાં પ્રવેશવા માટે છેલ્લા ૭૨ કલાકમાં નકારાત્મક વાયરસ પરીક્ષણ હજુ પણ જરૂરી છે. બેઈજિંગના કેટલાક ભાગોમાં રેસ્ટોરાંમાં જમવાનું હજુ પણ પ્રતિબંધિત છે.ચીનનો ઓછો નિકાસ અને રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં દેવા ઉપર સરકારની કડક કાર્યવાહીના દબાણ હેઠળ સંઘર્ષ કરી રહેલી અર્થવ્યવસ્થા હજુપણ વધુ ખરાબ થઈ શકે છે. નિયમનકારોએ ધિરાણ માટે વધુ નાણાં મુક્ત કરીને પ્રતિક્રિયા આપી છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચીનના સૌથી મોટા ઉદ્યોગોમાંના એકમાં આવેલી મંદીને દૂર કરવા તેઓએ રિયલ એસ્ટેટ ડેવલપર્સ ઉપરના કેટલાક નાણાંકીય નિયંત્રણો હળવા કર્યા છે. પાંચ ડિસેમ્બરે, ૩૦,૦૧૪ નવા કેસ નોંધવામાં આવ્યા હતા, જેમાં લક્ષણો વિનાના ૨૫,૬૯૬નો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયે આ આંકડો ૪૦,૦૦૦ની ઉપર હતો. શ્રી શીની સરકારે યુનાઈટેડ સ્ટેટ્સ અને પશ્ચિમી દેશોની તુલનામાં ચીનની સિસ્ટમની શ્રેષ્ઠતાના પુરાવા તરીકે શૂન્ય-કોવિડ નીતિ ચાલુ રાખી છે. યુએસની ૧.૧ મિલિયનની સંખ્યા સામે રોગચાળાની શરૂઆતથી ચીનમાં સત્તાવાર મૃત્યુઆંક ૫૨૩૫ છે. ચાઈનામાં કેન્સર, હૃદય રોગ અને અન્ય સ્થિતિઓ ધરાવતા લોકોમાં મૃત્યુદરમાં સંભવિત વધારો થયો છે જેઓને સારવાર મેળવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો અને હોસ્પિટલો વાયરસના કેસોની સારવાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને આવા મૃત્યુ અંગેના ડેટાની જાણકારી આપવામાં આવી નથી.

# ૨૦૨૨માં વિદેશથી ભારતમાં આવતી રકમ $100-બિલિયનના રેકોર્ડને પાર કરશે

મુંબઈ તા.૮

૨૦૨૨માં ભારતને રેકોર્ડ $100 બિલિયન રેમિટન્સ પ્રાપ્ત થવાની અપેક્ષા છે, જે આ વર્ષે સૌથી વધુ છે. વિશ્વ બેંકે કહ્યું છે કે, ભારતનું રેમિટન્સ ગયા વર્ષના ૭.૫ ટકાથી ૧૨ ટકા વધશે, જેના પરિણામે ૨૦૨૧માં $89.4 બિલિયનની સરખામણીમાં $100 બિલિયનનો પ્રવાહ આવશે. તેણે કહ્યું છે કે, આ સિદ્ધિ ભારતીય સ્થળાંતર કરનારાઓના મોટા હિસ્સાને આભારી છે જેઓ યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ અને પૂર્વ એશિયામાં પ્રમાણમાં વધુ પગાર મેળવે છે. જો કે, અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, $100 બિલિયનના ઐતિહાસિક સીમાચિહ્ન ઉપર પહોંચવા છતાં અને વૈશ્વિક સ્તરે રેમિટન્સના ટોચના પ્રાપ્તકર્તા તરીકેનું સ્થાન જાળવી રાખવા છતાં, ભારતના રેમિટન્સ પ્રવાહ ૨૦૨૨માં તેના GDPના માત્ર ૩ ટકા રહેવાની ધારણા છે. વિશ્વ બેંકે આગાહી કરી છે કે, આ વર્ષે દક્ષિણ એશિયામાં રેમિટન્સનો પ્રવાહ ૩.૫ ટકા વધીને ૨૦૨૨માં $163 બિલિયન સુધી પહોંચશે. દક્ષિણ એશિયામાં એકંદરે રેમિટન્સ વૃદ્ધિ વ્યક્તિગત દેશના પરિણામોમાં અસમાનતાને પ્રતિબિંબિત કરે છે; જ્યારે ભારતમાં ૧૨ ટકા અને નેપાળમાં ૪ ટકાનો વધારો થયો છે, જ્યારે અન્ય દેશોમાં કુલ ૧૦ ટકાનો ઘટાડો થયો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૨માં વૈશ્વિક પડકારો હોવા છતાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રેમિટન્સ ૫% વધીને $626 બિલિયન થશે. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર, ભારતીય સ્થળાંતર કરનારાઓ માટે લાયકાતમાં માળખાકીય શિફ્ટ દ્વારા સહાયિત ગંતવ્યોમાં પરિવર્તન થયું છે જેના લીધે તેમને સૌથી વધુ-આવક-કમાણી-શ્રેણીમાં સામેલ થવામાં મદદ મળી છે. ઉચ્ચ શિક્ષણ રેમિટન્સ ફ્લો માટે સીધી અસરો સાથે ઉચ્ચ આવક સ્તરો ઉપર અસર કરે છે. સ્થળાંતર કરનારાઓ ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી) દેશોમાં, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ અને પૂર્વ એશિયા સિંગાપોર, જાપાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ જાય છે. કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં ભારતીય સ્થળાંતર કરનારાઓને ઘરેથી કામ અને મોટા નાણાંકીય પેકેજોથી ફાયદો થયો છે અને જેમ-જેમ આ રોગચાળો હળવો થયો તેમ વેતનમાં વધારો અને રોજગારની રેકોર્ડ-ઉચ્ચ સ્થિતિએ ઉચ્ચ વૈશ્વિક ફુગાવા છતાં સ્થળાંતર કરનારાઓને ઘરે પૈસા મોકલવામાં મદદ કરી છે.

# કાશ્મીરમાં ઔદ્યોગિકીકરણ, લશ્કરીકરણ અને માનવ હસ્તક્ષેપને કારણે શરમાળ દુર્લભ પ્રજાતિના હરણ (હંગુલ) લુપ્ત થઈ રહ્યા છે



જમ્મું તા.૮

હિમાલયની તળેટીના જંગલોમાં આચ્છાદિત, શુદ્ધ બરફ પ્રદેશોમાં એક શરમાળ પ્રાણી પોતાનું જીવન ટકાવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. આ જંગલી હંગુલ, કાશ્મીરમાં આકર્ષણનું કેન્દ્ર છે અને તેનું રહેઠાણ નષ્ટ થઈ રહ્યું છે કારણ કે અહીં ઔદ્યોગિકીકરણ, લશ્કરીકરણ અને માનવહસ્તક્ષેપ તેના રહેઠાણ અને સંખ્યા ઉપર જોખમ બની ગયા છે. ૨૦મી સદીની શરૂઆતથી આ કાશ્મીરી હરણની સંખ્યામાં ઘટાડો થયો છે. અધિકૃત વસ્તીના આંકડા અને સ્વતંત્ર સંશોધન વચ્ચેના ડેટામાં તફાવત છે અને હંગુલની વસ્તીના વિવિધ અંદાજો છે, અને હાલમાં તેમની વસ્તી ૧૦૦ અને ૨૬૧ની વચ્ચે છે. ૧૯૦૦ના દાયકાની શરૂઆતથી આ નોંધપાત્ર ઘટાડો છે, એ સમયે હંગુલની સંખ્યા આશરે ૫૦૦૦ જેટલી હોવાનો અંદાજ હતો. હરણનો અભ્યાસ અને દેખરેખ રાખનારાઓ ચિંતિત છે કે આ અત્યંત દુર્લભ પ્રજાતિ (સર્વુશાંગલુ એસએસપી. હેંગલુ) ટૂંક સમયમાં લુપ્ત થઈ શકે છે. કેટલાક વન્યજીવન નિષ્ણાંતો અને કાર્યકરો આ ઘટાડા માટે પ્રાણીઓના રહેઠાણ અને વન્યજીવ અભ્યારણ્યોની નજીક સિમેન્ટ ફેક્ટરીઓના બાંધકામને જવાબદાર ગણાવે છે. વધુમાં, સંરક્ષણ માળખાના નિર્માણ અને અન્ય માનવીય હસ્તક્ષેપોને કારણે તેમના નિવાસસ્થાનનું વિભાજન થયું છે. હંગુલને એશિયામાં જોવા મળતા યુરોપિયન લાલ હરણની છ પૂર્વીય પેટા પ્રજાતિઓમાંની એક ગણવામાં આવે છે. શેર-એ-કાશ્મીર યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સના વન્યજીવ વિજ્ઞાન વિભાગનાવડા વિજ્ઞાની ખુરશીદ અહમદ કહે છે કે કાશ્મીરી હરણ (હંગુલ) એક અલગ પ્રજાતિ છે જે સમરકંદના હરણ પરિવાર સાથે વધુ સંબંધ ધરાવે છે અને હંગુલને ભારતીય વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ અને J&K વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એક્ટ, ૧૯૭૮ના અનુસૂચિ I હેઠળ મૂકવામાં આવ્યું છે. શ્રીનગર શહેરની નજીક સ્થિત, ખ્રેવ, વન્યજીવ અભ્યારણ્યને અડીને આવેલો વિસ્તાર, ઉત્તર કાશ્મીરમાં ડાચીગામ નેશનલ પાર્ક અને ગુરેઝ ખીણ જેવા વન્યપ્રાણી સમૃદ્ધ વિસ્તારોને કાશ્મીરના અન્ય સંરક્ષિત વિસ્તારોની જેમ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. હંગુલ જેવા લાંબા અંતરના પ્રાણીઓ મોસમી સ્થળાંતર માટે આ કોરિડોરનો ઉપયોગ કરે છે. છેલ્લા બે દાયકામાં,હંગુલના નિવાસસ્થાન અને કોરિડોર ઉપર અતિક્રમણ કરીને ખ્રેવમાં ઘણી સિમેન્ટ ફેક્ટરીઓ બનાવવામાં આવી છે. આ સિમેન્ટ ફેક્ટરીઓના નિર્માણથી હંગુલનો વિસ્તાર મર્યાદિત થઈ ગયો છે.જમ્મુ અને કાશ્મીરમાં હંગુલનું સંરક્ષણ અને સંરક્ષણ હાથ ધરવાના ઉદ્દેશ્ય સાથે હંગુલ જાળવણી પ્રોજેક્ટ હકીકતમાં ૨૦૧૫માં શરૂ કરવામાં આવ્યો હતો. સમુદાયના સમર્થન, જાગરૂકતા અનેવન્યજીવનના સંચાલન દ્વારા તે કરવાનો હેતુ હતો. ૧૯૮૦ના દાયકાના મધ્યમાં, જમ્મુ અને કાશ્મીર સરકારે નજીકની પર્વતમાળામાં મોટા પ્રમાણમાં ચૂનાના પત્થરોના ભંડારનેકારણે ખ્રેવ વિસ્તારમાં સિમેન્ટ ફેક્ટરીની સ્થાપના કરી હતી. કેટલાક અંદાજો અનુસાર, ૧૨ ચોરસ કિમીમાં ફેલાયેલા એકદમ નાનકડા શહેર ખ્રુમાં હાલમાં લગભગ છ સિમેન્ટ ફેક્ટરીઓ કાર્યરત છે. સિમેન્ટ ફેક્ટરીઓ વિરૂધ્ધ ઝુંબેશ ચલાવતા એક સ્થાનિધ્ કાર્યકર, આદિલ ભટ, તેમજ અન્ય કેટલાક કાર્યકરોએ જણાવ્યું હતું કે સરકારી માલિકીની ફેક્ટરીની સ્થાપના થઈ ત્યારથી, આ વિસ્તારમાં ઓછામાં ઓછી સાત અન્ય ખાનગી માલિકીની સિમેન્ટ ફેક્ટરીઓની સ્થાપના કરવામાં આવી છે. આ વન્યજીવ સંરક્ષણ નિયમોનું ઉલ્લંઘન છે. ભારતની સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકા સૂચવે છે કે વન્યજીવ અભયારણ્યોની આસપાસ ૧૦ કિમીનો વિસ્તાર ઈકો-સેન્સિટિવ ઝોન છે. આ કારખાનાઓએ હંગુલના નિવાસસ્થાન ઉપર સીધી અસર કરી છે એટલું જ નહીં, પરંતુ તેઓએ પશુપાલન સમુદાયને પશુધનને ચરાવવા માટે જંગલમાં ઊંડે સુધી સ્થાનાંતરિત કરવાની ફરજ પાડતા પશુપાલન જમીન પણ દબાવી લીધી છે. હંગુલ લાંબા અંતરથી ગંધ અને અવાજ પ્રત્યે સંવેદનશીલ છે તેથી હંગુલ માટે ધ્વનિ એક મોટી ખલેલ છે, ફેક્ટરીઓમાંથી ઉત્સર્જનની અસર હંગુલના શરીરવિજ્ઞાન અને ખાદ્યપદાર્થો ઉપર થઈ શકે છે. વધુમાં, લાંબા ગાળાના પ્રાણીનો મર્યાદિત રહેઠાણ વિસ્તાર, હંગુલ વસ્તીમાં ઓછા સંવર્ધન તરફ દોરી જાય છે. એમનો મૃત્યુદર ઊંચો રહે છે. તેમાંના મોટા ભાગના તેમના પર્યાવરણમાંવિક્ષેપને કારણે એક વર્ષમાં મૃત્યુ પામે છે. આબોહવા અને કુદરતી પરિબળો, જેમ કે શિયાળ અને ડાચીગામ રાષ્ટ્રીય ઉદ્યાનની અંદર તૈનાત અર્ધલશ્કરી દળોના કૂતરા જેવા શિકારીઓ દ્વારા હુમલાનો તેઓ શિકાર બનેછે. હંગુલના વસવાટ પર વધતા જતાં પ્રવાસન અને માનવહસ્તક્ષેપપણ અસર કરેછે. પર્યાવરણીય કાર્યકર્તા, સંશોધકો, ખાસકરીને સરકારી સંસ્થાઓમાં કામ કરતા લોકો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતીથી સહમત નથી. તેમનો આરોપ છેકે સંશોધકો પશુપાલન સમુદાય, ભરવાડો અને જંગલમાં રહેતા સમુદાયને અતિશય ચરાઈ માટે લક્ષ્યબનાવેછે, જે હંગુલનાપતન તરફ દોરી જાય છે. પરંતુ તેઓ વધુ મહત્વપૂર્ણ પાસાઓને ચૂકી જાયછે. જો હંગુલનેબચાવવા હોય, તો સિમેન્ટ ફેક્ટરીઓ બંધ કરવી પડશે અને જે અધિકારીઓએ તેમને પર્યાવરણીય મંજૂરી આપી છે તેમની તપાસ થવી જોઈએ. હંગુલ વસ્તી ગણતરી પણ શંકાસ્પદ છે, અને તેઓ દાવો કરે છે કે તે વિસ્તારમાં જ્યાં સિમેન્ટ ફેક્ટરીઓ આવેલી છે ત્યાં હાથ ધરવામાં આવી નથી. હંગુલ વસ્તી ગણતરી સામાન્ય રીતે દર બે વર્ષે વન્યજીવન એસઓએસ ટીમ દ્વારા કરવામાં આવે છે જે જમ્મુ અને કાશ્મીર વન્યજીવન વિભાગ અને કાશ્મીર યુનિવર્સિટીના વિદ્યાર્થી સ્વયંસેવકો સાથેની ભાગીદારીમાં કરવામાં આવે છે.

# ખોટા આંકડાઓની માયાજાળ : PM-કિસાન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા ઘટી રહી છે

બેંગ્લોર તા.૮

કર્ણાટકના એક નાના ખેડૂતે તેનો ડુંગળીનો પાક બેંગલુરૂના યશવંતપુર માર્કેટમાં વેચવા માટે ખેતી, લણણી અને પરિવહન માટે ૨૫,૦૦૦ રૂપિયા ખર્ચ્યા. તેણે ૨૦૫ કિલો ડુંગળી વેચ્યા પછી, અને મંડી અને કુલીના ચાર્જને બાદ કર્યા પછી, તેણે દેખીતી રીતે ૮.૩૬ રૂપિયાની કમાણી કરી. તેને મળેલી રસીદનો એક ફોટોગ્રાફ વાયરલ થયો હતો, આ ઘટના દુઃખદ વાસ્તવિકતા છે. ખાનગી વેપારીઓ જથ્થાબંધ બજારોમાં તેમની પેદાશો માટે જે ભાવો ઓફર કરે છે તેનાથી નિયમિતપણે હજારો નાના ખેડૂતો સાથે આવું જ થાય છે. આ લોકો ઊંચા ભાવ મેળવવાની આશામાં શહેરો તરફ જાય છે અને તેઓની હાલત ખરાબ થાય છે કારણ કે ખેડૂતો માટે આવકમાં ઘટાડો કરવાની આ વ્યૂહરચના છે અને નાના ખેડૂતને ભાગ્યે જ વાજબી ભાવો મળે છે, અને આ કૃષિ સંકટનું કારણ છે. ફેબ્રુઆરી ૨૦૧૯માં, સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરી હતી, જે હેઠળ તમામ જમીન માલિક ખેડૂતોને પ્રતિ વર્ષ ૬,૦૦૦ રૂપિયાની નાણાંકીય સહાયની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, આ પ્રત્યક્ષ આવક સહાય પેકેજ પર્યાપ્ત ન હતું, દરેક ખેડૂતની હકદારી માત્ર રૂા.૫૦૦ પ્રતિ મહિને હતી અને તે ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે તે ધ્યાનમાં લેતા ઘણા લોકોએ તેને આવકાર્યો હતો.

ત્રણ વર્ષ પછી, એક આઘાતજનક સમાચાર છે અને આરટીઆઈ અરજીના જવાબના આધારે એવો દાવો કરવામાં આવે છે કે પીએમ-કિસાન યોજના હેઠળ ખેડૂત લાભાર્થીઓની વાસ્તવિક સંખ્યામાં ૬૭ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૯માં ૧૧.૮૪ કરોડ લાભાર્થીઓની સંખ્યા હતી તેની સામે, મે-જૂન ૨૦૨૨માં આ સંખ્યા ઘટીને ૩.૮૭ કરોડ થઈ ગઈ છે. આ ઘટાડા પાછળના કારણો હજુ જાણી શકાયા નથી. ખેતીની વસ્તીના ૮૬ ટકામાં નાના અને સીમાંત ખેડૂતોનો સમાવેશ થાય છે, જેમાં પ્રત્યેકની ૫ એકરથી ઓછી જમીન છે, ખેતીની આવક વધારવામાં સીધી આવક સહાયની ભૂમિકા સ્પષ્ટપણે ખૂબ જ નિર્ણાયક છે. લગભગ ૧૪-૧૫ વર્ષ પહેલાં, જ્યારે મેં પ્રથમ વખત ખેડૂતોની આજીવિકાની અસુરક્ષાને દૂર કરવા માટે જરૂરી હસ્તક્ષેપ તરીકે ખેડૂતોને સીધી આવકની સહાય માટે હાંકલ કરી હતી. ખેડૂતોની આવકની સુરક્ષા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા વિષયો ઉપરની ઘણી પરિષદોમાં, ઘણા અર્થશાસ્ત્રીઓ અને અધિકારીઓએ ખેડૂતોને સીધી આવકની સહાય માટેના મારા આ સૂચનની મજાક ઉડાવી હતી, અનેએવી દલીલ કરી હતી કે બજાર અર્થતંત્રમાં રોકડ ટ્રાન્સફર કાર્યક્ષમ નથી. કેટલાક લોકોએ મને સ્પષ્ટપણે કહ્યું હતું કે સીધી આવકની સહાયનો વિચાર સમાજવાદી યુગનો વારસો હતો અનેતે સ્વીકાર્ય નથી. મારી દલીલ એછે કે, ખેતીના ભાવ એ આર્થિક ડિઝાઈનનું પરિણામ છે જે ઈરાદાપૂર્વક કૃષિક્ષેત્રને ગરીબ રાખે છે જેથી આર્થિક સુધારાઓ અને 'ઉદાર' આર્થિક મોડલને સધ્ધર બનાવી શકાય. મેં દલીલ કરી હતી કે આપણી પાસે કોર્પોરેટ ક્ષેત્ર માટે સમાજવાદ છે અને ખેડૂતો માટે મૂડીવાદ છે. આર્થિક સુધારાનો સમગ્ર ભાર અથવા ખર્ચ ખેડૂત સમુદાય દ્વારા ઉઠાવવામાં આવે છે. આ એ હકીકત મહત્વપૂર્ણ બની જાય છે કે ગરીબો આજીવિકા માટે વધુ જોખમોનો



સામનો કરે છે, ત્યારે રાજ્યની વિકાસ નીતિઓ ઉત્પાદન વધારવા ઉપર કેન્દ્રિત રહી છે, અનેજેઓ ખાદ્યપદાર્થો ઉત્પન્ન કરે છે તેમની કાળજી લેતા નથી. એક રસપ્રદ વિશ્લેષણમાં જોવા મળ્યું કે કુલ સંવેદનશીલ વસ્તીના ૯૩.૫ ટકા નાના ખેડૂતો અને ભૂમિહીન છે. ભારતમાં લગભગ ૫૦ ટકા વસ્તી હજુ પણ ખેતી ઉપર નિર્ભર છે, અને તેમની આવક માટે અસરકારક ઉપાયની જરૂર હતી. અપૂરતી આવક ઉપર નિર્વાહ કરતી મોટી ખેતીની વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, સામાજિક સુરક્ષાના માપદંડ તરીકે રોકડ ટ્રાન્સફર ચોક્કસપણે યોગ્ય છે. ૨૦૧૬માં આર્થિક સર્વેક્ષણમાં પ્રકાશિત થયેલા તારણો જણાવે છે કે ભારતના ૧૭ રાજ્યોમાં લગભગ અડધા દેશના ખેડૂત પરિવારોની સરેરાશ આવક રૂા.૨૦,૦૦૦ પ્રતિ વર્ષ છે. બીજા શબ્દોમાં કહીએ તો, લગભગ અડધા દેશના ખેત પરિવારો રૂા.૧૭૦૦થી ઓછા પૈસામાં જીવન જીવતા હતા. પીએમ કિસાન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો દર્શાવે છે કે બજારની શક્તિઓ સીધી આવકના સમર્થનના વિચારથી અસ્વસ્થ છે. લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવા પાછળનું કારણ સમયસર જાણીને પીએમ કિસાન યોજનાને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. ઘણા લોકો માને છે કે પુર્નઃ વિતરિત ટ્રાન્સફર પ્રોગ્રામ્સ નાણાંકીય રીતે બિનઅસરકારક છે, પરંતુ હકીકત એ છે કે જીડીપીના ૫.૫ ટકા દર વર્ષે કોર્પોરેટને કર રાહતો તરીકે જાય છે, તો પછી શા માટે 'સબ કા સાથ સબ કા વિકાસ'નું સૂત્ર સાકાર કરવા માટે પીએમ-કિસાનને આજીવિકા સુરક્ષા કાર્યક્રમ તરીકે ન ગણવી જોઈએ.

હરિ ૐ સેવા ટ્રસ્ટ દ્વારા

# કોડીનાર ખાતે કોળી સમાજના સમૂહ લગ્ન યોજાયા

**૨૧ દિકરીઓના સમુહ લગ્નનું થયું આયોજન, ૭ હજારથી વધુ લોકોએ સમૂહ ભોજન લીધું**



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૮

કોડીનારના જ્યોતિ ગ્રાઉન્ડ ખાતે હરી ૐ સેવા ટ્રસ્ટ દ્વારા કોળી સમાજની ૨૧ દીકરીઓના સમૂહ લગ્નનું ભવ્ય આયોજન થયું હતું. પ્રથમ વખત યોજાયેલા આ સમૂહ લગ્નમાં કોળી સમાજના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજની એકતા અને અખંડિતતાના અહીં દર્શન થયા હતા. વિના મૂલ્યે યોજાયેલા આ સમૂહ લગ્નમાં કોળી સમાજની આર્થિક નબળા વર્ગની ૨૧ જેટલી દીકરીઓએ ભાગ લીધો હતો. કોરોના દરમ્યાન કોળી સમાજના અનેક પરિવારે પોતાના મોભી ગુમાવ્યા હતા. આ દરમ્યાન કેટલાક બાળકો પણ નોધારા બની ગયા હતા. લગ્નની ઉંમરની દિકરીને વરાવવા પરણાવવાની જવાબદારી નાના ભાઈઓ ઉપર આવી હતી. જો ઘરેથી લગ્ન કરે તો લાખોનો ખર્ચ થાય તે પરવડે નહીં. આ વિનામૂલ્યે સમૂહ લગ્ન આવા પરિવારો માટે આશીર્વાદ સમાન નીવડ્યા હતા. આવા સમયે હરિઓમ સેવા ટ્રસ્ટના જે.કે. મેર, નરેશભાઈ ડાભી અને કનુભાઈ બાંભણીયા ભામાશા બનીને આગળ આવ્યા અને કોળી સમાજના પ્રથમ નિઃશુલ્ક સમૂહ લગ્નનું આયોજન કર્યું. આ સમુહ લગ્નમાં દરેક નવયુગલને સેટી પલંગ, ગાદલું, ઓશિકા, બાજોઠ, રજાઈ, ખુરશી, પાટલા, સોનાનો દાણો સહિતની અનેક ચીજ વસ્તુ કરિયાવરમાં સમૂહલગ્ન સમિતિ તેમજ કોળી સમાજ અને અન્ય સમાજના અગ્રણીઓ તરફથી આપવામાં આવી હતી. 'મુસાફિર ચલતા ગયા કારવા બનતા ગયા' તે મુજબ હરિઓમ સેવા ટ્રસ્ટના કાર્યકરોએ બીડું ઝડપ્યું અને સહકાર મળતો ગયો. સમાજમાં ખોટો ખર્ચ ન થાય અને શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે ખુબજ ઓછા ખર્ચમાં સમૂહ લગ્ન સંપન્ન થાય તે ઉદ્દેશ અહીં સાર્થક થતો જોવા મળ્યો હતો.

# ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષાના ઉમેદવારો માટે ફોર્મ ભરવાની મુદત ૩૧ ડીસેમ્બર સુધી વધારાઈ



અમદાવાદ તા. ૮

ટેટ ૧ અને ટેટ ૨ના ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. હવે ઉમેદવારો ૩૧ ડિસેમ્બર સુધી અરજી કરી શકશે તેમને જણાવી દઈએ કે, અગાઉ ફોર્મ ભરવાની આખરી તારીખ ૫ ડિસેમ્બર હતી.

અગાઉ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, મને એવું લાગે છે કે આ વખતે ૩.૫ લાખથી વધુ ઉમેદવારો આ પરીક્ષા માટે અરજી કરશે. ૧૭ ઓક્ટોબરના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતુ. ૧૮ ઓક્ટોબરના રોજ વર્તમાન પત્રોમાં કસોટીની જાહેરાત પ્રસિદ્ધ થઈ હતી. ઉમેદવારો ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨થી ૫ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત અપાઈ હતી જે વધારવામાં આવી છે અને હવે ૩૧ ડિસેમ્બર કરવામા આવી છે. ઉમેદવારો નેટ બેકિંગ દ્વારા ઓનલાઈન ૩૧ ડિસેમ્બર સુધી ફી ભરી શકશે. પરીક્ષાની સંભવિત તારીખો પણ આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમે જાહેર કરાશે. આ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ લેવામાં આવશે.

**દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ભરતી પ્રક્રિયા ઝડપી થશે**

અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષક અનેશિક્ષણ સહાયકની ભરતીમાં ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય કર્યો હતો. જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણમાં સરળતા રહે તે મોટી જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, તજજ્ઞ સમિતિ દ્વારા સૂચવેલ સુધારા મુજબ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે જોડાયેલી સંસ્થાઓમા ભરતી પ્રક્રિયા ઝડપી થશે. આપને જણાવી દઈએ કે સરકારના આ નિર્ણયથી દિવ્યાંગને ભણાવવા માટે શિક્ષકને જરૂરિયાત મુજબ તાત્કાલિક ખાલી જગ્યામાં ભરી દેવામાં આવશે. જેનો ફાયદો દિવ્યાંગોને ઝડપી અને સારા શિક્ષણના રૂપમાં થશે. રાજ્યની મા. અને ઉ.મા. શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે તજજ્ઞ સમિતિ દ્વારા સૂચવેલ સુધારા કરાયા, જેથી દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે જોડાયેલ સંસ્થાઓમા શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઝડપી થશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગતાની કેટેગરી મુજબ શિક્ષણકાર્ય કરાવે તેવા વિશિષ્ટ શિક્ષકો ઉપલબ્ધ થશે.

# ઉના : ઈંગ્લીશ દારૂની ૧૫૬ બોટલ સાથે એક ઝડપાયો



ઉના તા. ૮

જિલ્લા પોલીસ વડા જાડેજાની સૂચનાથી ગીર સોમનાથ જિલ્લાની એલ.સી.બી. બ્રાન્ચના પી.આઈ. ચાવડા અને પી.એસ.આઈ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ મોરી અને પોલીસ કોન્સ્ટેબલ સંદીપસિંહ ઝનકાટ ઊનામાં દેલવાડા રોડ ઉપર હાઈસ્કુલ પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે દેલવાડા તરફથી એક પેસેન્જર રિક્ષા નંબર GJ 32U-૦૫૯૩ રોકવી ચાલાક બાબુભાઈ ઉકાભાઈ વાજા રે. ઊના ૨, ગીતાબેન સામજીભાઈ રાઠોડ રે. વાસોજને પૂછપરછ કરી તપાસ કરતા રિક્ષામાં ચોરખાનામાં છુપાવેલી પરપ્રાંતની ઈંગ્લિશ દારૂની બોટલ નંગ ૧૫૬ કીંમત રૂા.૯૬૦૦/-, રિક્ષા, મોબાઈલ ફોન મળી રૂા. ૬૦,૧૦૦/-ના મુદામાલ સાથે પકડી ઊના પોલીસને સોંપી ગુનો દાખલ કર્યો હતો. આ દારૂ કોડીનાર તાલુકાના વડનગરના ગોપાલ કામલિયાને આપવાનો હોય તેમ પ્રાથમિક તપાસમાં જાણવા મળતા તેની સામે પણ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ૨૦૨૩નાં વર્ષમાં સરકારી કર્મચારીઓને ચાંદી, પગારમાં થશે ધરખમ વધારો



નવી દિલ્હી તા. ૮

સરકારી કર્મચારીઓ માટે આવનારૂં ૨૦૨૩નું વર્ષ ખુબ સારૂં રહી શકે છે. કર્મચારીઓના પગારમાં ખુબ મોટો વધારો નોંધાઈ શકે છે. સરકાર કેન્દ્રીય કર્મચારીઓ માટે અમુક નિર્ણય લઈ શકે છે. જેમાં પગારને લઈને સારો ફાયદો થઈ શકે છે. લાંબા સમયથી ફિટમેન્ટ ફેક્ટરની માંગ કરવામાં આવી રહી છે. સરકાર વર્ષ ૨૦૨૩માં તેના વિષે નિર્ણય લઈ શકે છે. જાણકારોનું માનવું છે કે સરકાર ૨૦૨૪ના ઈલેકશન પહેલા કેન્દ્રના કર્મચારીઓને ભેટ આપી શકે છે. આ સિવાય મોંઘવારી ભથ્થું અને જૂની પેન્શન યોજના ઉપર પણ વિચાર કરવામાં આવી શકે છે.

કોરોના સમયમાં રોકવામાં આવેલા ૧૮ મહિનાના DA અને પેન્શન લાભાર્થીનું DR માટે માંગ કરવામાં આવી રહી છે. જેના માટે સરકારે પણ સંબંધિત વિભાગો સાથે ઘણી વખત વાત કરી છે. જેના પર હવે ગમે ત્યારે નિર્ણય આવી શકે છે. પરંતુ સરકાર તરફથી હજી સુધી કોઈ જાણકારી આપવામાં આવી નથી.

જો સરકાર આ બંને માંગો ઉપર કોઈ નિર્ણય લે છે તો કેન્દ્રીય કર્મચારીને ડબલ ફાયદો થશે. મીડિયા રિપોર્ટ મુજબ હવે સરકાર કર્મચારીઓને લાંબી રાહ નહિ જોવડાવે અને જલ્દીથી નિર્ણય લેવાશે. જો આવું થાય તો કર્મચારીઓના પગારમાં ખૂબ જ મોટો વધારો નોંધાઈ શકે છે. મળતી રકમનો મુખ્ય આધાર બેઈઝીક સેલેરી, અન્ય ભથ્થાઓ અને ફિટમેન્ટ ફેક્ટર ઉપર હોય છે. જો ગણતરી કરવામાં આવે તો અંદાજે પગાર વધારો ૮૦૦૦ રૂપિયાનો આવી શકે છે. જેમાં ખાસ તો ફિટમેન્ટ ફેક્ટર વધારીને સરકાર સારો ફાયદો આપશે.

દર વર્ષની જેમ વર્ષ ૨૦૨૩માં મોંઘવારી ભથ્થું વધી શકે છે. જેના અંગેની જાહેરાત માર્ચ આસપાસ થઈ શકે છે. હાલમાં મોંઘવારી જોતા લાગે છે કે આવતા વર્ષે મોંઘવારી ભથ્થું ૩-૫% હોય શકે છે. જો કે હજુ ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરના AICPI ઈન્ડેક્સના નંબર આવવાના બાકી છે. કેન્દ્ર સરકારે આ વર્ષે દિવાળી પહેલા સપ્ટેમ્બરમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪% DA માં વધારો કર્યો હતો. જેનાથી કેન્દ્ર સરકારના ૪૮ લાખ કર્મચારીઓ અને ૬૮ લાખ પેન્સન લાભાર્થીને ફાયદો થયો હતો.

# ભારતમાં માનવ અસ્તિત્વ ટકાવવામાં મુશ્કેલી પડે તેવી ભીષણ ગરમી પડશે: વિશ્વ બેંક




નવી દિલ્હી તા. ૮

ભારતમાં જે રીતે અનેક વિસ્તારોમાં ગરમી વધી રહી છે અને શિયાળાના આગમન છતા પણ હજુ હિમાચલ સહિતના વિસ્તારોમાં પુરતી હિમવર્ષા પણ નોંધાઈ નથી તેમાં હવે વિશ્વબેંકે એક નવી ચેતવણી આપતા કહ્યું કે ભારતમાં હિટવેવ એ કક્ષાએ વધી જશે કે માનવ માટે તેનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ મુશ્કેલ બની જશે અને આ સમય બહુ ઝડપથી આવી રહ્યો હોવાનું વિશ્વબેંકના રિપોર્ટમાં જણાવાયું છે.

છેલ્લા કેટલાક દસકાઓથી ભારતમાં તાપમાન ઉંચુ જઈ રહ્યું છે અને તેના કારણે આડકતરી રીતે દર વર્ષે હજારો લોકો મૃત્યુ પામે છે જેના ખરા કારણની વાસ્તવિકતા બહાર આવતી નથી પરંતુ વર્લ્ડબેંકના રિપોર્ટ કલાઈમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનીટી ઈન ઈન્ડીયા કુલીંગ સેકટરના જણાવ્યા મુજબ ભારતમાં ઉંચુ તાપમાન એવહેલુ શરૂ થાય છે અને લાંબો સમય સુધી જે સ્થિતિ બની રહે છે.

એપ્રિલ ૨૦૨૨માં ભારતમાં પતજળની મોસમ વહેલી શરુ થઈ હતી અને ભયાનક ગરમીના કારણે અનેક વિસ્તારોમાં જનજીવનને અસર થઈ હતી. ખાસ કરીને દિલ્હીમાં તાપમાન માર્ચ મહિનામાં જ ૪૬ ડીગ્રી સેલ્સીયસ સુધી પહોંચી ગયું હતું. ઈન્ડીયન કલાઈમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટનરશીપ મીટમાં રજુ થયેલા રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં ઉષ્ણતામાન ઉંચુ જવાને કારણે માનવ જીવન ટકાવી રાખવાની જે શકયતાઓ છે તેને અસર પડશે. ઓગષ્ટ ૨૦૨૧માં પણ આ પ્રકારે એક રિપોર્ટ આપવામાં આવ્યો હતો.

# સ્માર્ટફોનમાં જો આ ત્રણ એપ્સ હશે તો ખાલી થઈ શકે છે તમારૂં એકાઉન્ટ!



નવી દિલ્હી તા. ૮

ગૂગલ પ્લે સ્ટોર ઉપર ઘણી એવી એપ્સ છે, જે આપણા કામમાં આવે છે, પરતું કેટલીક એપ્સ એવી પણ છે જે આપણા માટે ખતરનાક સાબિત થઈ શકે છે. સતત કોઈને કોઈ સિક્યોરિટી કંપની અથવા ગૂગલના મારફતે આ પ્રકારના એપ્સની લિસ્ટ બહાર પાડવામાં આવે છે, જે તમારો ડેટા ચોરી રહી છે અથવા તમારી પ્રાઈવસીમાં દખલ આપી રહી હોય છે.

સાયબર સિક્યોરિટી રિસર્ચ સેન્ટર દ્વારા હાલમાં જ જારી કરવામાં આવેલી રિપોર્ટ પ્રમાણે - ૩ એપ્સ એવા છે કે જે તમારા મોબાઈલ ફોન માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આ ત્રણેય એપ્સ માઉસ અને કી-બોર્ડ સંબંધિત છે. આ એપ્સના નામ - માઉસ, ટેલિપેડ અને પીસી કી-બોર્ડ છે. આ ત્રણ એપ ખુબ જ લોકપ્રિય છે. તેમને ૨ મિલિયનથી વધુ ડાઉનલોન પ્રાપ્ત કરવામાં આવ્યા છે. રિપોર્ટ પ્રમાણે આ એપ તમારી અંગત માહિતી જ નહિ પરતું બેંક એકાઉન્ટ પણ ખાલી કરી શકે છે. આવી સ્થિતિમાં જો તમે આ ત્રણ એપ્સને ડાઉનલોડ કરી છે, તો તમારે તેને તાત્કાલીક ડિલિટ કરી દેવી જોઈએ.

નવા એન્ડ્રોઈડ અપડેટ અનુસાર - જ્યારે તમે કોઈ એપ ડાઉનલોડ કરો છો, તો કેટલીક પ્રકારની પરમિશન માંગવામાં આવે છે. આવી સ્થિતિમાં તમારે ધ્યાન આપવું પડશે કે એપ કઈ પરમિશન માંગી રહી છે અને એ આધારે તમારે પરમિશન આપવી કે નહિ તે નક્કી કરવું પડશે. કોઈપણ એપને ડાઉનલોડ કરતા પહેલા તેના રિવ્યુને ચેક કરવું પડશે. કારણ કે યુઝર્સ તેમના એક્સપિરિયન્સના આધારે રિવ્યું આવે છે.

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે જે એપ ખતરનાક હોય છે, તેના ડાઉનલોડની સંખ્યા પણ વધારે હોય છે. આ સિવાય તેના ડેવેલ્પર પણ ફેક હોય છે. આ માટે ડાઉનલોડની સંખ્યા ઉપર ધ્યાન આપવું ખુબ જ જરૂરી છે. આ સિવાય એપ ડેવેલ્પર ઉપર ધ્યાન આપવું ખુબ જ જરૂરી છે. ગૂગલ પ્લે સ્ટોર પરથી કોઈપણ એપ ડાઉનલોડ કરતી વખતે તેનું ડિસ્ક્રિપ્શન ચોક્કસપણે વાંચો. જો તમને તે યોગ્ય લાગે તો જ એપ્લિકેશન ડાઉનલોડ કરો.

# ઉત્તર કોરિયામાં ફિલ્મ જોવા બાબતે બે સગીરોને મૃત્યુદંડની સજા મળી



નવી દિલ્હી તા. ૮

ઉત્તર કોરિયામાં બે સગીર યુવાનોને મોતની સજા મળી છે. આ યુવાનોનો ગુનો માત્ર એટલો હતો કે યુવાનોએ દક્ષિણ કોરિયાની એક ફિલ્મ જોઈ હતી. અને, આ ફિલ્મને તેના મિત્રોને શેર પણ કરી હતી. ત્યારે આ યુવાનોની આ ભૂલ બદલ બંને વિદ્યાર્થીઓને ભીડની સામે ગોળી મારીને મોતની સજા આપવામાં આવી છે. નોંધનીય છેકે યુવાનોની આ ગુના બદલ ઓકટોબર મહિનામાં ધરપકડ કરાઈ હતી.

ઉત્તર કોરિયામાં બે સગીર હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને માત્ર એટલા માટે ફાંસી અપાઈ છે. કારણ કે તેઓએ દક્ષિણ કોરિયાની એક ફિલ્મ જોઈ હતી. આ યુવાનોએ ફિલ્મ જોઈને મિત્રોને શેર કરી હતી. હકીકતમાં, વર્ષ ૨૦૨૦ માં, ઉત્તર કોરિયામાં દક્ષિણ કોરિયન સંગીત- ફિલ્મો-નાટક જોવી અને તેને શેર કરવા ઉપર પ્રતિબંધ છે અને આ પ્રતિબંધને તોડવા મામલે આકરી સજાની જોગવાઈ છે. સરકારે આ પ્રકારની સજા આપી સંદેશ આપ્યો હતો કે જો કોઈ કડક કાયદાની વિરુદ્ધ કામ કરશે તો તેને પણ એવું જ ભોગવવું પડશે.

વાસ્તવમાં, દક્ષિણ કોરિયા અને ઉત્તર કોરિયાને અડીને આવેલા કટ્ટર હરિફ દેશો છે, પરંતુ ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા દેશો વચ્ચે વર્ષોથી કટ્ટર દુશ્મનાવટ છે. આ કારણથી ઉત્તર કોરિયામાં પણ ખાસ કરીને દક્ષિણ કોરિયાને લઈને ઘણા કડક નિયમો બનાવવામાં આવ્યા છે.

સાઉથ કોરિયન ફિલ્મ જોવા અને લોકોમાં વહેંચવાનો આરોપ લગાવનારા વિદ્યાર્થીઓને સજા માટે એરફિલ્ડ ઉપર લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોને પહેલેથી જ બળજબરીથી ત્યાં બોલાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને લોકોની સામે ગોળી મારી દેવામાં આવી હતી.

આ વર્ષે ઓકટોબર મહિનાની શરૂઆતમાં, આ વિદ્યાર્થીઓ દક્ષિણ કોરિયન ડ્રામા જોવા અને તેને લોકો સુધી લઈ જવાના આરોપમાં પકડાયા હતા. વિદ્યાર્થીઓ પકડાયા ત્યાં સુધીમાં તેઓએ મોટી સંખ્યામાં દક્ષિણ કોરિયન અને અમેરિકન ટેલિવિઝન શો જોયા હતા. જ્યારે તે તેને તેના મિત્રો સાથે શેર કરી રહ્યો હતો ત્યારે તે પકડાયો હતો. જે બાદ આ વિદ્યાર્થીઓ ઉપર કડક કાયદો લાગુ કરવામાં આવ્યો અને હવે તેમને ફાંસીની સજા આપવામાં આવી. તે જાણીતું છે કે વર્ષ ૨૦૨૦ માં, ઉત્તર કોરિયાની સરકાર દ્વારા દક્ષિણ કોરિયાના સંગીત અને ફિલ્મોને લઈને એક કડક આદેશ જાહેર કરાયો હતો. જે મુજબ દક્ષિણ કોરિયન ફિલ્મોને લોકો સુધી પહોંચાડવા માટે જો કોઈ જવાબદાર હશે તો તેને સખત સજા કરવામાં આવશે.

કર્ણાટક-મહારાષ્ટ્રના લોકો વચ્ચે સદભાવનો દાવો

# સરહદ ઉપર શાંતિ જાળવવા શિંદે-બોમ્માઈ સહમત થયા

બેંગલુરૂ, તા. ૮

કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ ગઈકાલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. બંને મુખ્યમંત્રીઓ સહમત થયા કે, સરહદી વિસ્તારોમાં શાંતિ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. જ્યારે સીએમ બોમ્માઈએ કહ્યું કે, સરહદ મુદ્દે તેમના વલણમાં કોઈ ફેરફાર નથી થયો. કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ એક ટ્વીટમાં કહ્યું કે 'અમે બંને સહમત છીએ કે બંને રાજ્યોમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવી જોઈએ. તેમણે કહ્યું કે, કર્ણાટક અને મહારાષ્ટ્રના લોકો વચ્ચે સદ્ભાવ છે.

સીએમ બોમ્માઈએ કહ્યું કે, જ્યાં સુધી કર્ણાટકની સરહદનો સંબંધ છે ત્યાં સુધી તેમના વલણમાં કોઈ ફેરફાર થયો નથી અને આ માટે સુપ્રીમ કોર્ટમાં કાનૂની લડાઈ લડવામાં આવશે. આ પહેલા સીએમ બોમ્માઈએ શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર વળતો પ્રહાર કર્યો હતો. બોમ્માઈએ કહ્યું કે, તેમની સરકાર આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સરહદનો મુદ્દો નથી ઉઠાવી રહી. બોમ્માઈએ કહ્યું કે, મહારાષ્ટ્ર છેલ્લા ઘણા સમયથી આને મુદ્દો બનાવી રહ્યું છે. આ કર્ણાટકનો મુદ્દો નથી. મામલો સુપ્રીમ કોર્ટમાં છે. અમારો કેસ બંધારણ મુજબ છે અને અમને કાનૂની લડાઈ જીતવાનો વિશ્વાસ છે. તેમણે કહ્યું કે અમે અમારી સરહદ અને લોકોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છીએ. અમારી સરકાર મહારાષ્ટ્ર, તેલંગાણા અને કેરળમાં રહેતા કન્નડ લોકો માટે ચિંતિત છે. મહારાષ્ટ્રે બેલાગવી (બેલગામ) પર દાવો કર્યો છે જે તત્કાલિન બોમ્બે પ્રેસિડેન્સીનો એક ભાગ રહ્યો છે. હાલમાં બેલાગવી કર્ણાટકના સૌથી મોટા જિલ્લાઓમાંનો એક છે. ગઈકાલે કોલ્હાપુર શિવસેના જિલ્લા પ્રમુખ વિજય દેવણેએ નિપ્પાની સરહદેથી કર્ણાટકમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. મહારાષ્ટ્ર પોલીસે તેને કસ્ટડીમાં લીધા બાદ અટકાવ્યો હતો. તેમણે અને તેમના સમર્થકોએ મહારાષ્ટ્રના મંત્રીઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા જેઓ બેલાગવી આવવામાં નિષ્ફળ ગયા. કર્ણાટક અને બેલાગવી પોલીસ દ્વારા સરહદી વિસ્તારમાં ભારે પોલીસ સુરક્ષા ગોઠવવામાં આવી છે.

# જૂનાગટની બેઠક ઉપર ભાજપનાં સંજય કોરડીયાનો જવલંત વિજય

## ૪૦ હજારની લીડ મેળવનાર જૂનાગઢ બેઠકના ઉમેદવાર સંજય કોરડીયા ભાજપ માટે હુકમનું પાનું સાબીત થયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પૈકીની સોરઠવાસીઓની જયાં નજર કેન્દ્રીત હતી તેમજ રાજકીય પક્ષો અને વરિષ્ઠ નેતાઓની જયાં મીટ મંડાયેલી હતી એવી જૂનાગઢ વિધાનસભાની બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર સંજય કોરડીયાનો ૪૦ હજારથી વધારે મતોથી જવલંત વિજય થતા ભાજપની છાવણીમાં આનંદ ઉત્સવ પ્રસરી ગયો છે. જૂનાગઢની બેઠક ઉપર મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવાર વચ્ચે જ હતી. દરમ્યાન આજરોજ પરિણામ જાહેર થતા ભાજપનાં સંજય કોરડીયાએ પોતાનાં નજીકનાં ઉમેદવાર કોંગ્રેસનાં ભીખાભાઈ જોષીને પરાજીત કરી આ બેઠક ઉપર કમળ ખીલાવી દીધુ હતું. ૨૦૧૭માં જૂનાગઢની બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર મહેન્દ્ર મશરૂનો પરાજય થયો હતો અને ૨૦૨૨ની યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે જૂનાગઢ બેઠક ઉપર ફરી એકવાર ભીખાભાઈ જોષીને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ ભાજપે ગણત્રી પૂર્વક ફ્રેશર એવા સંજય કોરડીયાને ટીકીટ આપતા ધાર્યા મુજબ જ સંજય કોરડીયા ભાજપ માટે હુકમનું પાનું સાબીત થયા છે. સંજય કોરડીયાનાં વિજયને વધાવવામાં આવી રહેલ છે અને અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. જૂનાગઢ જીલ્લાની માણાવદર વિધાનસભાની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અરવિંદભાઈ લાડાણી વિજેતા થયા છે જયારે ભાજપનાં ઉમેદવાર પૂર્વ કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા પરાજીત થયા છે વિસાવદરની બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર હર્ષદ રીબડીયાની સામે આપના ઉમેદવાર ભુપત ભાયાણી વિજયકુચ તરફ છે જયારે કેશોદની બેઠક ઉપર પરિણામ વિપરીત આવેલ છે અને આ બેઠક ઉપર કોંગ્રેસનાં ઉમેદવાર હિરાભાઈ જોટવા અને દેવાભાઈ માલમ વચ્ચે કસોકસની લડાઈ ચાલી રહી છે અને આ બેઠકનું પરિણામ જાહેર થવાની તૈયારી છે જયારે માંગરોળની બેઠક ઉપર ભગવાનજીભાઈ કરગઠીયાનો વિજય થયો છે જૂનાગઢ જીલ્લાની પાંચે પાંચ બેઠક ઉપર કયાંક અપસેટ સર્જાણો છે તો કયાંક પરિવર્તન થયું છે અને કયાંક આશ્ચર્યજનક પરિણામ આવ્યું

# જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોની મત ગણતરી કાર્ય શાંતિપૂર્ણ રીતે સંપન્ન






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભાની બેઠકો ૮૫ માણાવદર, ૮૬ જૂનાગઢ, ૮૭ વિસાવદર, ૮૮ કેશોદ અને ૮૯ માંગરોળ બેઠકની મતગણતરીની કામગીરી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે અને બપોર સુધીમાં પરીણામો જાહેર થતા વિજેતા ઉમેદવારોના વિજય સરઘસ નિકળ્યા હતા.

ગત તા.૧ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાની પ્રથમ તબકકાની ચુંટણી યોજાઈ હતી અને જેમાં જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોનો પણ સમાવેશ થતો હતો. આજે ગુજરાત વિધાનસભાની બે તબકકામાં યોજાયેલી ચુંટણીનું મતગણતરી કાર્ય જેતે જીલ્લા મથકોએ કરવામાં આવ્યું હતું. જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોની મતગણતરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે આજે સવારે ૮ કલાકે પ્રારંભ કરવામાં આવેલ. સૌ પ્રથમ બેલેટ પેપરની મતગણતરી કરવામાં આવી હતી અને ત્યારબાદ ઈવીએમ દ્વારા થયેલા મતોની મતગણતરી કરવામાં આવી હતી. આજે જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોનું પરીણામ જાહેર થવાનું હોય જૂનાગઢ અને સોરઠ પંથકમાં આ પરીણામ જાણવા માટે ભારે આતુરતા અને ઉતેજના જોવા મળતી હતી. છેલ્લા કેટલાક દિવસોથી ચુંટણી બાદ પરીણામ અંગેનું સર્જાયેલા સસ્પેન્શનો આજે અંત આવી રહ્યો હતો. આજે સવારથી જ રાજકીય પક્ષો, ઉમેદવારો, ટેકેદારો, કાર્યકર્તાઓ કૃષિ યુનિવર્સિટી ખાતે પહોંચી ગયા હતા. મતગણતરી કાર્ય શાંતીપૂર્ણ રીતે યોજાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર તેમજ ચુંટણી પંચના માર્ગદર્શન હેઠળ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. બીજી તરફ મતગણતરી કાર્ય દરમ્યાન કોઈ જાતની ગેરરીતી કે અનિચ્છનીય બનાવ બને નહી અને શાંતિપૂર્ણ રીતે મતગણતરી કાર્ય સંપન્ન થાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પગલા લેવામાં આવ્યા હતા તો બીજી તરફ ચુસ્ત પોલીસ બદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. (તસ્વીર : અમ્માર બખાઈ)

# જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોનું પરિણામ જાહેર : વિજેતા ઉમેદવારોના ભવ્ય સરઘસ નિકળ્યા





જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોના પરિણામો આ લખાય છે ત્યાં સુધીમાં જાહેર થઈ રહ્યા છે ત્યારે વિધાનસભાની બેઠકો ઉપરથી વિજેતા બનેલા ઉમેદવારોના ભવ્ય સરઘસ નીકળ્યા છે.

આજે સવારે કૃષિ યુનિવર્સિટીની એન્જીયરીંગ કોલેજ ખાતે મત ગણતરી કાર્ય હાથ ધરવામાં આવેલ હતું જેમાં જુદા જુદા સેન્ટર ઉપર જૂનાગઢ જીલ્લાની પાંચ બેઠકો ઉપર મત ગણતરી કાર્ય હાથ ધરવામાં આવેલ હતું સોરઠ પંથકની અતિ મહત્વની ગણાતી જૂનાગઢની બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બરાબરની ટકકર હતી અને મતગણતરી કાર્ય શરૂ થતા જ તમામ રાઉન્ડમાં ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયા સતત આગળ રહ્યા હતા અને ૪૦ હજારથી વધારે મતોની સરસાઈથી તેઓ ચૂંટાઈ આવ્યા છે જયારે માણાવદરની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અરવિંદભાઈ લાડાણીનો વિજય થયો છે અને તેમના ટેકેદારો કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ છવાયો છે. કેશોદની બેઠક ઉપર પૂર્વ મંત્રી દેવાભાઈ માલમ અને કોંગ્રેસના હિરાભાઈ જોટવા વચ્ચે તિવ્ર કસોકસની લડાઈ ચાલી રહી છે જયારે માંગરોળની બેઠક ઉપર ભગવાનજીભાઈ કરગઠીયા વિજયપથ ઉપર છે જયારે તાજેતરમાં જ કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયા ભાજપમાં જોડાયા હતા અને ભાજપે તેમનો વિસાવદર બેઠકની ટીકીટ આપી હતી પરંતુ વિસાવદરની બેઠક ઉપર હર્ષદ રિબડીયાનો જાદુ ચાલ્યો નહી અને આપના ઉમેદવાર ભૂપત ભાયાણી સાથે ભારે સ્પર્ધા થઈ હતી અને હર્ષદ રિબડીયાથી આપના ઉમેદવાર ભૂપત ભાયાણી આગળ છે આમ જૂનાગઢ જીલ્લાની પાંચે પાંચ વિધાનસભાની બેઠકોનું પરિણામ એક પછી એક જાહેર થઈ રહ્યું અને વિજેતા ઉમેદવારોના સરઘસ યોજાય રહ્યા છે.

## જૂનાગઢમાં જુના વાસણો અને દાગીના ચમકાવાનું બહાનું કરી છેતરપિંડી કરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં છેતરપીંડીનો એક બનાવ બનેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ગિરનાર દરવાજા વિસ્તારમાં સત્યનારાયણ મંદિરની બાજુમાં રહેતા ગીતાબેન રાજુભાઈ પંડયા (ઉ.વ.૫૮)એ બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીઓએ ફરિયાદીનાં ઘરે જઈ જુના વાસણો તથા સોના-ચાંદીનાં દાગીના ચમકાવાનું બહાનું કરી ફરિયાદીની કાનમાં પહેરવાની સોનાની કડીને કોઈપણ પ્રકારનાં કેમિકલ વડે સાફસુફ કરી આ કડીમાંથી આશરે ૦.૨ ગ્રામ ૧૩૦ મીલી જેટલું રૂા.૧૦ હજારની કિંમતનું સોનુ લઈ જઈ ફરિયાદી સાથે વિશ્વાઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




સોશિયલ મિડીયામાં વાયરલ થયેલું કાર્ટુન....

## જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં લગ્નગાળાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી : ઠેર ઠેર લગ્ન સમારોહ

જૂનાગઢ તા.૮

જૂનાગઢ સહીત ગુજરાત અને સૌરાષ્ટ્રભરમાં લગ્નગાળાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે અને ઠેર ઠેર પારિવારીક યોજાતા લગ્નો સમુહ લગ્નોના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ૧ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર દરમ્યાન આ વખતે એકલા સૌરાષ્ટ્ર ગુજરાતમાં મળી ૩ હજારથી વધારે લગ્ન સમારોહ યોજાય રહ્યા છે જેને લઈને પાર્ટી પ્લોટ, કેટરસ, લાઈટ ડેકોરેશન, તેમજ જ્ઞાતિ સમાજોની વાડીઓ પણ ભરચક જોવા મળી હતી. ફુલોથી લઈ પાર્લર સુધી જયાં જુઓ ત્યાં હાઉસફુલના પાટીયા જ જોવા મળતા હતા લગ્નગાળાની મોસમમાં તમામ માર્કેટમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. આગામી ૧૪ ડિસેમ્બર બાદ કમુરતા શરૂ થશે અને ૧૪ જાન્યુઆરીના રોજ પૂર્ણ થશે.

## ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયાને વિજેતા બનાવવા માટે વોર્ડ નં.૧૦ અને ૧૧ના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓની જહેમત સફળ થઈ

જૂનાગઢ તા.૮

જૂનાગઢ વિધાનસભાની બેઠક ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયાને વિજેતા બનાવવા માટે વોર્ડ નં.૧૦ અને ૧૧ના કોર્પોરેટર અને કાર્યકર્તાઓ સહીતની ટીમોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજરોજ જૂનાગઢ વિધાનસભા-૮૬ની ચૂંટણીમાં વોર્ડ નં.૧૦ના કોર્પોરેટરો અને કાર્યકરો તથા મહેન્દ્રભાઈ મશરૂ તથા વણઝારી ચોક યુવક મંડળની ટીમ સાથે રહી અને ચૂંટણીના મતદાનમાં પૂરો સહયોગ આપ્યો જેમાં વોર્ડ નં.૧૦ના કોર્પોરેટરો હિતેશભાઈ ઉદાણી, ગીરીશભાઈ કોટેચા, આરતીબેન જોશી, દિવાળીબેન પરમાર, મહેન્દ્રભાઈ મશરૂ અને કાર્યકર્તાઓ સર્વ શ્રી કુશાલભાઈ પારેખ, કલાપીભાઈ નાણાવટી, આશુતોષભાઈ બુચ, પરશુરામ ચૌહાણ, બાલામામા, કિશોરભાઈ ધનેશા, ભરતભાઈ જેઠવા, જીતેન્દ્રભાઈ જાગાણી વગેરેની ટીમે જંગી લીડ અપાવી અને ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયાને વિજેતા બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. અને આ કામગીરી માટે આ તકે તમામ મતદાર ભાઈઓ અને બહેનોનો આભાર પણ માનવામાં આવ્યો હતો.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Piramal Finance
પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ,
(અગાઉ દીવાન હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતી)
રજી. ઓફિસનું સરનામું:- યુનિટ નંબર ૬૦૧, ૬ઠ્ઠો માળ, અમિટી બિલ્ડીંગ, અગસ્ત્ય કોર્પોરેટ પાર્ક, કામાણી જંકશન, એલ. બી. એસ. માર્ગ, કુર્લા વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૭૦
CIN: L65910MH1984PLC032639
જાહેર સૂચના
આથી જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (અગાઉ દીવાન હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતી) નેશનલ હાઉસિંગ બેંક (NHB) સાથે રજીસ્ટર્ડ થયેલી હાઉસિંગ ફાઇનાન્સ કંપની છે, જેની રજીસ્ટર્ડ ઓફિસ નંબર ૬૦૧, ૬ઠ્ઠો માળ, અમિટી બિલ્ડીંગ, અગસ્ત્ય કોર્પોરેટ પાર્ક, કામાણી જંકશન, એલબીએસ માર્ગ, કુર્લા વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૭૦ ખાતે આવેલ છે. જેઓ તેમની એક ઓફિસ કે જે ઓફિસ ૩૦૪, ત્રીજો માળ, પ્લેટિનમ કોમ્પ્લેક્સ, જયશ્રી સિનેમા રોડ, કારવા ચોક પાસે જૂનાગઢ - ૩૬૨૦૦૧ ગુજરાત ખાતે સ્થિત છે તે બંધ કરવા માંગે છે. અને એ જ ઓફિસ - ૩જા માળે, ક્રિષ્ના કેપિટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧, ગુજરાત ખાતે તારીખ ૧૬મી માર્ચ ૨૦૨૩થી અમલમાં આવે તે રીતે ખસેડવામાં આવશે.
ગ્રાહકોને જે સ્થાનેથી સેવા આપવામાં આવી રહી છે તે બંધ કરવામાં આવશે અને તેઓને ૧૬મી માર્ચ ૨૦૨૩ થી નવા સ્થાનેથી સેવા આપવામાં આવશે.
તમામ સંબંધિત વ્યક્તિઓએ આ બાબતની નોંધ લેવા વિનંતી છે.
સહી/-
સ્થળ: જૂનાગઢ
તા. ०७-१२-२०२२
પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યક્તિ માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨